*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, નવેમ્બર [ ૪૩૩ ] વર્ષ ૩૬ઃ અંક ૫



પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વાદ સાથે, સેંકડો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં "પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ" ના શિલાન્યાસની વિધિ કરી રહેલ શેઠ શ્રી ભભૂતમલજી ભંડારી.

વાર્ષિક
લવાજમ
છ રૂપીયા
વર્ષ ૩૬
અંક ૫




વીર
સંવત
૨૫૦૫
A. D. 1979
NOV.

# સારભૂત ઉપાદેય તત્ત્વ : “આત્મા”

આ અલૌકિક ગાથા છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે નિજભાવના–નિમિત્તે રચેલા શ્રી નિયમસારશાસ્ત્રની આ ૩૮મી ગાથામાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે. સમ્યગ્દર્શનના વિષય–ભૂત ઉપાદેય તત્ત્વ શું છે અને હેય તત્ત્વો શું છે તે અહીં સમજાવતાં કહ્યું છે કે સહજ–શુદ્ધ–પરમ–પારિણામિક–નિજકારણ પરમાત્મા એક જ ઉપાદેય છે અને તે જ ખરેખર ‘આત્મા’ છે, તે સિવાય જીવાદિ સાત તત્ત્વો બહિર્તત્ત્વો હોવાને લીધે હેય છે. ઉપશમ–ક્ષયોપશમ કે ક્ષાયિક સમ્યગ્દર્શનની પર્યાય તેમ જ સંવર–નિર્જરા–મોક્ષની પર્યાય પણ હેય છે, કેમકે તેના લક્ષે આત્મા ગમ્ય થતો નથી પણ તેના લક્ષે તો વિકલ્પ ઊઠે છે. તેથી સંવર–નિર્જરા ને મોક્ષની નિર્મળ પર્યાયને પણ હેય બતાવીને અહીં એક સારભૂત ત્રિકાળી ભૂતાર્થતત્ત્વનો આશ્રય કરાવ્યો છે.

**[ શ્રી નિયમસાર ગાથા–૩૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના શિક્ષણશિબિરના પ્રવચનમાંથી ]**

આ નિયમસાર મેં મારી ભાવના માટે બનાવ્યું છે એમ શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે. તેમાં આ શુદ્ધ ભાવ અધિકાર છે. શુદ્ધભાવ પર્યાયની વાત અહીં નથી. શુભાશુભ–

ભાવ તે અશુદ્ધભાવ છે ને નિર્મળપર્યાય એ શુદ્ધભાવ, એ શુદ્ધભાવની અહીં વાત નથી. ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી પરમપારિણામિક ભાવ તેને અહીં શુદ્ધભાવ કહે છે. શુદ્ધભાવ પર્યાય ને આત્મા તેનો ધરનાર એવા ભેદ પણ જેમાં નથી એવો પવિત્ર ત્રિકાળીભાવ, ત્રિકાળી શુદ્ધભાવ તેની અહીં વાત છે. શુદ્ધપર્યાય કોના આશ્રયે ઉત્પન્ન થાય છે તેનો આ અધિકાર છે.

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
–જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

આ હેય ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. ધર્મનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનમાં હેય શું છે ને ઉપાદેય શું છે? તેનું આ કથન છે.

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ બહિર્તત્ત્વ છે. અહીં શુભાશુભને આસ્ત્રવમાં ગણીને સાત તત્ત્વો કહ્યા છે. સાત તત્ત્વોમાં સંવર–નિર્જરા ને મોક્ષ પણ આવી ગયા. અહીં તેને બહિર્તત્ત્વમાં ગણેલ છે. હજી તો દયા–દાન આદિ રાગને હેય ગણતા કેટલાકને કઠણ પડે છે ને અહીં તો ત્રણલોકના નાથ ઇન્દ્રોની ને નરેન્દ્રોની હાજરીમાં એમ ફરમાવે છે કે સંવર–નિર્જરા ને મોક્ષની પર્યાય પણ બહિર્તત્ત્વો હોવાથી ઉપાદેય નથી કેમ કે તે ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય આવતી નથી તેમ સંવર આદિ પર્યાયમાંથી નવી નિર્મળ પર્યાય આવતી નથી માટે પરદ્રવ્ય છે, એ પરદ્રવ્યની પાછળ શુદ્ધભાવ છે. પ્રભુ! તારી ચીજ એવી છે કે જેની આગળ સંવર–નિર્જરા–મોક્ષની પર્યાય પણ પરદ્રવ્ય છે, કેમ કે એ પર્યાય પણ પર્યાયના આશ્રયે ઉત્પન્ન થતી નથી.

સંવર–નિર્જરા ને મોક્ષની પર્યાયને અહીં પરદ્રવ્ય કહ્યું છે, કેમ કે તે પર્યાય છે ને પર્યાયની મુદ્દત એક સમયની છે ને ભગવાન આત્મા તો નિરંતર વર્તમાન ધ્રુવ છે. ભગવાન આત્મા વર્તમાન શુદ્ધભાવ, વર્તમાન ધ્રુવભાવ છે. આહાહા! હજુ તો આવી શ્રદ્ધા પણ કરતો નથી તો ભવ એમ ને એમ ચાલ્યો જશે ભાઈ! સમ્યગ્દર્શન–જ્ઞાન ને ચારિત્ર છે તો કલ્યાણરૂપ શ્રાવકને પણ એ ત્રણે કહ્યા છે, પણ તેને અહીં બહિર્તત્ત્વ કહેલ છે.

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને કારણે ઉપાદેય નથી અર્થાત્ હેય છે. જીવની એક સમયની પર્યાય, અજીવના જ્ઞાન સંબંધીની પર્યાય, આસ્ત્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ–એ સાતે તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાના કારણે હેય છે. આત્માના આશ્રયે ઉત્પન્ન થઈ છે એ ત્રણે પર્યાયને–સંવર, નિર્જરા, મોક્ષને ઉપાદેય નથી તેમ

કહ્યું છે. આહાહા! રળવું–કમાવું, ખાવું–પીવું આદિ પરદ્રવ્યની પ્રવૃત્તિમાં તો એકલું પાપ જ છે, પણ દયા–દાન આદિ શુભ ભાવથી નીકળીને જે મોક્ષમાર્ગમાં આવ્યો છે એ મોક્ષમાર્ગની પર્યાયને પણ ઉપાદેય નથી તેમ કહ્યું છે. આત્માના આશ્રયે જે આનંદ આવ્યો તેને પણ અહીં પરદ્રવ્ય કહેલ છે. કેવળજ્ઞાનની પ્રગટ પર્યાય પણ એક સમયની છે. ત્રિકાળી ધ્રુવ પ્રગટમાં આવતું નથી કે આવરણમાં પણ આવતું નથી.

જીવાદિ સાતતત્ત્વ ઉપાદેય કેમ નથી?–કે તેઓ પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી. છે તેનું જ્ઞાન કરવું પણ તે આશ્રય કરવા લાયક નથી. જો આ સાત તત્ત્વોને ઉપાદેય માની લે તો આત્માને હેય માન્યો છે. કેમકે સાત તત્ત્વોને ઉપાદેય માને તો ત્રિકાળી લક્ષમાં રહેતો નથી.

ત્યારે ઉપાદેય કોણ છે એ હવે કહે છે :–

મુનિપણું કેવું હોય છે?–કે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે. વૈરાગ્ય એટલે? કે સહજ ત્રિકાળી તત્ત્વનું જ્ઞાન ને પુણ્ય–પાપના ભાવની વિરક્તી એ વૈરાગ્ય, તેને મુનિપણું કહે છે; સ્ત્રી–પુત્ર આદિ છોડીને જંગલમાં વસે માટે મુનિપણું એમ નથી. સહજ વૈરાગ્ય એટલે કે સમ્યગ્દર્શન સહિત ને પુણ્ય–પાપથી રહિત એવા વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણી મુનિ છે. સાત તત્ત્વોરૂપ પરદ્રવ્યથી જે પરાન્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ જેને છે, જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–એવા આત્માને "આત્મા" વાસ્તવમાં ઉપાદેય છે. સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે ને પરદ્રવ્યથી જે પરાન્મુખ છે એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. સમ્યગ્દ્રષ્ટિને, મુનિને કે જે પરદ્રવ્યથી પરાન્મુખ છે ને સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.

દયા–દાન આદિ વિકલ્પ ઉઠે તે ઉદયભાવ છે, તેનાથી આત્મા અગોચર છે, તેનાથી આત્મા જાણવામાં નથી આવતો. ઉપશમ ભાવ છે તેનાથી આત્મા જણાય છે પણ ઉપશમ–ભાવના આશ્રયે આત્મા જણાતો નથી. ચાર ભાવાંતરોમાં આત્મા અગોચર છે. ઔદયિક આદિ ચાર ભાવોથી આત્મા અગોચર છે. ક્ષાયિકભાવના આશ્રયે આત્મા જણાતો નથી. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવથી આત્મા ગમ્ય છે પણ ચાર ભાવાંતરોથી આત્મા અગમ્ય કહ્યો, તેનો અર્થ એ કે ઉપશમ આદિ ભાવોના આશ્રયે આત્મા જણાતો નથી માટે ચાર ભાવાંતરોથી આત્મા અગોચર છે. પોતાનો જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેનાથી અનેરા ભાવો તે ભાવાંતર છે. દ્રવ્યસ્વભાવથી ક્ષાયિકભાવ અન્યભાવ છે, અનેરો ભાવ છે, ભાવાંતર છે, તેના આશ્રયે આત્મા જણાય તેવો નથી તેથી ચાર ભાવાંતરોના આશ્રયે આત્મા અગોચર છે.

શ્રી પ્રવચનસારની ૮૦ મી ગાથામાં એમ કહ્યું કે જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે, એ તો નિમિત્તની વાત છે, ખરેખર તો પોતાના પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરે એ પણ વિકલ્પ છે, પરવશ છે, પરલક્ષ છે. અહીં તો કહે છે કે 'આત્મા' ખરેખર ઉપાદેય છે. ઉપાદેય કરનારી પર્યાય છે પણ તે 'આત્મા' ને ઉપાદેય કરે છે, ઉપાદેય કરનારી પર્યાયને તો અહીં પરદ્રવ્ય કહી છે. ઉદયાદિ ચારે ભાવાન્તરોથી આત્મા અગોચર છે. ઉદય ભાવથી તો અગોચર છે પણ સમ્યગ્દર્શનના ઉપશમ આદિં ત્રણે ભાવોથી પણ આત્મા અગોચર છે એટલે કે એ ત્રણભાવોના આશ્રયે આત્મા ગોચર થતો નથી. સમ્યગ્દ્રષ્ટિને આત્મા ગોચર છે પણ આત્માને ગોચર કરનારી પર્યાયનો સમ્યગ્દ્રષ્ટિને આશ્રય નથી. સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા ગમ્ય થઈ જાય છે, આત્માનો વિરહ રહેતો નથી પણ એ પર્યાયના આશ્રયે આત્મા ગમ્ય થતો નથી. ચાર ભાવાન્તરોથી આત્મા ગમ્ય થતો નથી તેનો અર્થ કે તેના આશ્રયે આત્મા ગમ્ય થતો નથી.

કારણપરમાત્મા આઠ પ્રકારના જડ દ્રવ્યકર્મોથી રહિત છે. રાગાદિ ભાવકર્મોથી રહિત છે, નોકર્મથી રહિત છે, અરે! મતિજ્ઞાનથી પણ રહિત છે. કેમ કે મતિજ્ઞાન એ હીનદશા છે-જ્ઞાનની અપૂર્ણ દશા હોવાથી તે વિભાવગુણપર્યાય છે, તેથી તેનાથી રહિત છે. જે મતિજ્ઞાનમાં આત્મા જણાયો એ સમ્યક્ મતિજ્ઞાનથી રહિત કારણપરમાત્મા છે. રાગનો તો આત્મામાં અભાવ છે પણ જે મતિજ્ઞાનથી આત્મા જણાયો એ મતિજ્ઞાન વિભાવગુણપર્યાય હોવાથી તેનાથી રહિત કારણપરમાત્મા હોવાથી, જેનો કારણપરમાત્મામાં અભાવ છે એવા વિભાવગુણપર્યાયના આશ્રયે કારણપરમાત્મા જણાતો નથી.

આત્મા અનાદિ અનંત છે. છે તેની આદિ શું? છે તેનો નાશ શું? ને છે તે સ્વભાવથી ખાલી કેમ હોય? છે તે સ્વભાવ વિના રહે નહીં. સ્વભાવવાન છે તે સ્વભાવ વિના રહે નહીં. એ સ્વભાવ કેવો છે?-કે અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો છે, અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ ભર્યો છે. શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ તેનો સ્વભાવ છે. શ્રી સમયસારની છઠ્ઠી ગાથામાં જેને પ્રમત્ત-અપ્રમત્ત રહિત જ્ઞાયકભાવ કહ્યો, ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યો તેને અહીં પરમપારિણામિકભાવ કહ્યો છે. કારણપરમાત્મા કહો, ત્રિકાળી ધ્રુવ કહો, પરમપારિણામિકભાવ કહો, તે 'આત્મા' છે. ઉપર જે કહ્યું કે "આત્મા" ખરેખર ઉપાદેય છે, તે આત્મા કોણ?-તેની આ વાત કહી.

પર્યાય પણ આત્મા છે, પણ વ્યવહારનયથી આત્મા છે, એ કાંઈ ખરેખર આત્મા નથી. સહજ-શુદ્ધ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવા કારણપરમાત્માને જ

નિશ્ચય આત્મા કહે છે કે જે અવિપરિત, આવરણ રહિત, પર્યાય રહિત છે અને અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.

અતિ આસન્નભવ્ય જીવોને એટલે કે જેને સંસારનો કિનારો આવી ગયો છે, મોક્ષ પામવાને અલ્પકાળ બાકી રહ્યો છે, એવા અતિ આસન્નભવ્ય જીવોને ત્રિકાળી જ્ઞાયક આત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. નિજ પરમાત્મા કે જેમાં પર્યાયનો અભાવ છે એવો નિજ પરમાત્મા જ અતિ આસન્ન ભવ્યોને ઉપાદેય છે.

શું કરવું ?–કે જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં પર્યાયને લઈ જવી. જ્યાં ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે તેની સમીપમાં જા, એનો સ્વીકાર કર, એ જ તારે આદરણીય છે, એ સિવાય કાંઈ ઉપાદેય નથી. ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે તે, જેની ભવ્યતા પાકી ગઈ છે, જે અતિ આસન્નભવ્ય જીવ છે તેને ઉપાદેય છે, તે સિવાય **'न किंचित् उपादेयम्'** કાંઈ પણ ઉપાદેય નથી.

સાત તત્ત્વોમાં–સર્વ તત્ત્વોમાં સાર એક જ છે–શું ? કે ત્રિકાળી આત્મા એક જ સાર છે. સર્વ તત્ત્વોમાં એમ કહીને એક માત્ર આત્મા જ છે ને સંવર આદિ પર્યાય નથી એ વાતનો નિષેધ કર્યો અહીં તત્ત્વો કહેતાં સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય છે એમ સિદ્ધ કર્યું, પણ સર્વ તત્ત્વોમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ સાર છે, ત્યાં પર્યાયને લઈ જવી છે. એક સમયની પર્યાયની પાછળ જે ત્રિકાળી આત્મા છે તે એક જ સાર છે.

જે સમસ્ત નાશ પામવા લાયક ભાવોથી દૂર છે અર્થાત્ રાગાદિ ભાવ તો નાશવાન છે પણ સંવર–નિર્જરાની પર્યાય પણ નાશવાન છે. અરે ! કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે, કેમ કે પર્યાય છે તે એક સમયની છે. શરીરાદિ કે રાગાદિ તો નાશવાન છે પણ કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે. પર્યાય વર્તમાન છે તેમ વસ્તુ પણ વર્તમાન છે. પરંતુ પર્યાય વર્તમાન છે તે બીજે સમયે નાશવાન છે અને વસ્તુ વર્તમાન છે તે અવિનાશી છે. પર્યાયમાત્ર નાશવાન છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ નાશવાન છે કે જે નિજ પરમાત્માના આશ્રયે ઉત્પન્ન થઈ છે. ઉત્પન્ન થઈને ? ઉત્પન્ન થઈ તે નાશ થાય જ, ભગવાન આત્મા ઉત્પન્ન થયો નથી તેથી તેનો નાશ પણ નથી અને તેના અવલંબે ઉત્પન્ન થતી જે પર્યાય છે તે નષ્ટ થવા લાયક છે. ક્ષાયિક કેવળજ્ઞાન, ક્ષાયિક કેવળદર્શન, ક્ષાયિક વીર્ય, ક્ષાયિક આનંદ એ પણ નાશવાન છે, કેમ કે તે પર્યાય છે અને ત્રિકાળી તત્ત્વ તેનાથી દૂર છે–એવું ત્રિકાળી તત્ત્વ જ ઉપાદેય છે, તે સિવાય કાંઈ પણ ઉપાદેય નથી.

હું કારણ હોયા વિના પણ શરીર, વાણી ને મન કારણવાળાં હોવાથી

## તેઓ પોતાના વડે ખરેખર કરાય છે

શરીર, વાણી ને મનને આધારભૂત અચેતનદ્રવ્ય છે ને હું તે નથી અર્થાત્ હું અચેતનદ્રવ્ય નથી. તેથી મારા આધાર વિના પણ તેઓ પોતાને ધારી રાખે છે એટલે કે આ શરીરને હું બરાબર સાચવું તો રહે એમ છે જ નહિ. શરીર, વાણી ને મનનું કારણ તો અચેતનદ્રવ્ય છે, તેથી હું કારણ હોયા વિના પણ તેઓ ખરેખર કારણવાળા છે. માટે મારી કાળજીના કારણે શરીર નીરોગ રહે છે કે મારા કારણે ભાષા મધુર બોલાય છે એમ બિલકુલ છે જ નહિ.

અહીં તો એક ક્ષેત્રે નજીક રહેલા શરીર, વાણી ને મનના કર્તા, પ્રેરક કે અનુમોદક પણ તું નથી એ વાત છે. આત્માના ક્ષેત્રથી દૂર રહેલાં પરદ્રવ્યના કર્તાપણાની વાત તો ક્યાં છે જ? પણ જે નજીક રહેલા છે એવા શરીર, વાણી ને મન ખરેખર કારણવાળાં હોવાથી તેઓ સ્વતંત્રપણે તેમના વડે ખરેખર કરાય છે. હાલવા –ચાલવા–બોલવાદિની ક્રિયા તેના અચેતન દ્રવ્ય વડે ખરેખર કરાય છે, હું કર્તા હોયા વિના પણ તેઓ ખરેખર કરાય છે જ. તે તે સમયે તેના ક્રમબદ્ધમાં જે જે વિવિધ અને વિચિત્ર અવસ્થા થવાની છે તે તેના અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે, તેથી તેનો હું કર્તા તો નથી પણ તે તે ક્રિયા થાય તેનો હું આયોજક પણ નથી. ધંધાદિના કાર્યનો તો હું આયોજક છું જ નહિ પણ શરીર, વાણી ને મનની જે ક્રિયા થાય તે ક્રિયાનો પણ હું આયોજક નથી. મારી પ્રેરણાથી સત્યવાણી બોલાય તેમ છે જ નહિ.

સ્પષ્ટ, મધુર ને મોટેથી બોલવાની ક્રિયા થાય કે ઝડપથી

–ધીમેથી ચાલવાની ક્રિયા થાય કે શરીર તંદુરસ્ત થવાની ક્રિયા થાય તેનો કર્તા તો આત્મા છે જ નહિ પણ તે તે ક્રિયા તેના અચેતનદ્રવ્યથી થઈ તે મારી પ્રેરણાથી–મારા આયોજનથી થઈ છે તેમ પણ નથી. એ તો ઠીક, પણ તે તે ક્રિયા થઈ તેનો અનુમોદક પણ હું નથી. સત્ય બોલાયું તે ઠીક થયું–એવું અનુમોદન કરનાર પણ હું નથી. ભગવાનના દર્શન–પૂજન–ભક્તિમાં શરીરની જે ક્રિયા થઈ તે ઠીક થઈ–એવો અનુમોદક પણ હું નથી. કેમ કે એ તો અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે. ભાઈ! શરીર, વાણી ને મનની જે જે ક્રિયા થાય તેનો પ્રેરક કે અનુમોદક તું નથી. તું તો તેને જાણનારો જ્ઞાયકપ્રભુ છો.

એક ક્ષેત્રમાં રહેલાં શરીર, વાણી ને મનની વિવિધ અને વિચિત્ર પર્યાયો એના કાળે એના જન્મક્ષણે થાય છે, એનો આધાર હું નથી, કર્તા પણ હું નથી, કારણ પણ નથી, પ્રયોજક પણ નથી અને એના કાળે પુદ્‌ગલથી થતી પર્યાયનો અનુમોદક પણ હું નથી. હું તો તેના કાળે થતી પુદ્‌ગલ પર્યાયનો જ્ઞાતા જ છું–આવી પહેલી દર્શનવિશુદ્ધિ થવી એ ભવભ્રમણના નાશનું કારણ છે.

[ શ્રી પ્રવચનસાર ગાથા–૧૬૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શરીર, વાણી ને મન પ્રત્યે અત્યંત મધ્યસ્થપણું પ્રગટ કરતાં કહે છે કેઃ–

હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહિ,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહિ. ૧૬૦.

શરીર, વાણી ને મનને હું પરદ્રવ્યપણે સમજું છું કેમ કે એ તો જડ ને અજીવ છે. સમ્યગ્દ્રષ્ટિ એમ માને છે કે શરીર વાણી ને મન કે જે નજીકનાં છે તેને હું પરદ્રવ્ય જાણું છું. તેથી શરીર કેમ રહે? વાણી કેમ બોલાય?–આદિ તેમના પ્રત્યે મને કંઈ પણ પક્ષપાત નથી, તે બધાંય પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ છું.

શરીર, વાણી ને મનનો આધાર હું નથી, તેનો આધાર અચેતન દ્રવ્ય છે. શરીર, વાણી ને મન અજીવ પદાર્થ છે ને હું જીવ પદાર્થ છું, અજીવ પદાર્થનો હું

આધાર નથી. આંગળીનો આધાર તેના પરમાણુ છે, હું તેનો આધાર નથી. પરમાણુમાં કર્તા કર્મ કરણ આદિ ગુણો છે તેથી પરમાણુ પરમાણુના આધારે રહ્યો છે, હું તેનો આધાર નથી. નાકના પરમાણુ આત્માના આધારે રહ્યા છે એમ નથી. કાન છે તે અંદર આત્મા છે તેના આધારે રહ્યો છે એમ નથી. મારા સ્વરૂપના આધાર વિના જ ખરેખર તેઓ તેના સ્વરૂપને ધારે છે. મારી અપેક્ષા વિના જ શરીર, વાણી ને મન પોતાના સ્વરૂપને ધારણ કરે છે. દિવ્યધ્વનિનો આધાર આત્મા નથી. વાણી જેમ બોલવી હોય તેમ બોલાય–એમ નથી. જડના સ્વામીપણે તેનો આધાર હું છું એ તો મિથ્યા ભ્રાંતિ છે.

હું ધ્યાન રાખું તો શરીર બરાબર રહે અને ન રાખું તો બરાબર ન રહે–એમ છે જ નહીં. ભગવાન આત્મા તો શરીર વાણી ને મનથી તદ્દન નિર્લેપ છે. મારા આધાર વિના પણ શરીર, વાણી ને મન પોતાના સ્વરૂપને ધારે છે. તેથી હું શરીર વાણી ને મનનો પક્ષપાત છોડી અત્યંત મધ્યસ્થ છું.

વળી હું શરીર, મન ને વાણીના કારણરૂપ અચેતનદ્રવ્ય નથી. શરીર, વાણી ને મનનું કારણ તો અચેતન દ્રવ્ય છે. ઉપાદાન ને નિમિત્ત બે કારણથી કાર્ય થાયને ?–કે ના, ના. અહીં તો કહે છે કે શરીર, વાણી ને મનનું કારણ તો તેનું અચેતન દ્રવ્ય છે, આત્મા નથી. શરીરની ક્રિયા શરીરના કારણે થઈ છે, મારા આધારે ને મારા કારણે થઈ નથી.

એક ક્ષેત્રાવગાહે રહેલાં શરીર, વાણી ને મન તેનું પણ તું કારણ નથી. તું તો જ્ઞાયકસ્વભાવી જાણનતત્ત્વ છે, તું અજાણન તત્ત્વનું કારણ કેમ થાય ? ભાઈ ! તારે, શાંતિમાં રહેવું છે ને ! તો શરીર, વાણી ને મનનું કારણ તું નથી એમ માને તો તને શાંતિ રહેશે. શરીરાદિનું હું કરું, હું કરું–તો એવા અભિપ્રાયમાં તો મિથ્યાત્વનું દુઃખ છે. વળી એ શરીર તેના કાળે છૂટશે, તારું રાખ્યું રહેશે નહીં, કેમ કે એ શરીર તેના આધારે રહેલું છે, તેના કારણે રહેલું છે ને પ્રભુ ! તું તો જ્ઞાયક સ્વભાવી ભગવાન છો. માટે શરીર તેના આધારે, તેના કારણે તેનામાં રહેલાં હોવાથી તું તેનો પક્ષપાત છોડીને અત્યંત મધ્યસ્થ થઈ જા.

અરેરે ! મૃતક કલેવરમાં અમૃતનો સાગર ભગવાન આત્મા મૂર્છાઈ ગયો ! પ્રભુ ! તું કોનું કરીશ ? શરીરનું જે કાર્ય થાય તે શરીરના આધારે થાય છે, આત્માના આધારે નહીં. પ્રભુ ! તું તારામાં તારું કાર્ય કર, પણ

પરનું કાર્ય કરવાનો તારો કોઈ અધિકાર નથી. શબ્દ લખવાનું કાર્ય કરવાનું તારા અધિકારમાં નથી. કેમ કે બીજા દ્રવ્યનો આધાર તારું દ્રવ્ય નથી.

જે ક્ષેત્રે આત્માના પ્રદેશો છે ત્યાં શરીરના પરમાણુ રહ્યા છે, છતાં શરીરના પરમાણુ આત્માને આધારે રહ્યા જ નથી, અચેતનદ્રવ્યના આધારે શરીરના પરમાણુ રહ્યા છે. બીજાના વખાણ કરવા હોય, ભગવાનની ભક્તિ કરવી હોય, તો વાણીથી કરશે ને ! છતાં કહે છે કે એ વાણીનું કારણ આત્મા નથી.

જ્યાં ને ત્યાં મેં કર્યું મે કર્યું; પણ ભાઈ ! તે શું કર્યું ? પર તારા આધારે નથી ને પરનું તું કારણ પણ નથી. તું નિમિત્ત છો પણ એ તો જ્ઞાન કરવા માટે છે, તું પરના કાર્યનું કારણ છો જ નહીં. ત્રણ લોકના નાથની આ વાણી છે. પ્રભુ ! તું કોણ છો ?–તું જ્ઞાનસ્વરૂપી છો. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન પરનું કારણ થાય ?–ન થાય. તું તો જગતનો જ્ઞાતા છો ! જગતની ચીજ જ્ઞાતાનું પરજ્ઞેય છે.

પરનું કર્તાપણું માનીને તું પામરપણે રહ્યો છો, એ તને કલંક છે, એ કલંક ટાળવા માટે ભગવાનની આ વાણી છે. નજીકમાં રહેલાં, એક ક્ષેત્રમાં રહેલાં આ શરીર, વાણી ને મનનો હું આધાર નહીં, હું તેનું કારણ નહીં. શરીરની યુવાન દશા હોય કે વૃદ્ધ દશા હોય પણ એ તારા આધારે નહીં. ભાઈ ! યુવાન ચાલે તો જાણે ધરતી ધ્રુજે ! કહે છે કે શરીરના પરમાણુ તારા કારણે ચાલતા નથી ને શરીરના પરમાણુ જમીનને અડતા પણ નથી.

શરીર, વાણી ને મનનું હું કારણ નથી. મડદામાં કેમ ભાષા ઉઠતી નથી ? ભાઈ ! મડદામાં ભાષા ઉઠવાની યોગ્યતા નથી, એના ક્રમમાં વાણી નીકળવાનો ક્રમ નથી, માટે નીકળતી નથી. શરીર, વાણી ને મન આત્માના ક્ષેત્રમાં છે, પણ એ ભિન્ન છે, તેથી વાણીનું કારણ ભાષાવર્ગણા છે, તેના કારણે ભાષા નીકળે છે. શરીરની નિરોગતા રાખવી કે ધ્યાન રાખે તો નિરોગતા રહે, પણ ભાઈ ! એ તો શરીરની અવસ્થા છે, એ તારે કારણે થઈ નથી, તારે આધારે રહી નથી. ઉતાવળે ચાલો, મોટેથી બોલો !–અરે ભાઈ ! જીવ ને અજીવતત્ત્વ બન્ને જુદા જુદા છે, અજીવતત્ત્વના કાર્યનું કારણ તું નથી, પુદ્ગલ છે.

શરીરની અવસ્થા નિરોગ રહી તેનું કારણ હું છું, ૬૦–૬૦ વર્ષમાં કપાળે સૂંઠ પણ ચોપડવી ન પડી, કેમ કે મેં સંભાળ રાખી હતી, પણ ભાઈ ! શરીરનું કારણ શરીર છે, તારે કારણે શરીર છે જ નહીં. શરીર, વાણી ને મનને હું નિમિત્ત

છું માટે તેનું કાર્ય થાય છે–એમ નથી. તેનું કારણ તો અચેતન દ્રવ્ય છે.

હું શરીર, વાણી ને મનનો કારણ થયા વિના પણ તેઓ ખરેખર કારણવાન છે. મારા કારણ વિના પણ તેના પરમાણુ કારણવાળાં છે. તેથી જે ભાષા થશે તેનું કારણ ભાષા છે, તું નથી. શરીરનું ચાલવું થાય, ક્રિયા થાય તેનું કારણ જડ છે, તું નથી. તારા વિકલ્પને લઈને શરીરની ક્રિયા થાય છે એમ નથી.

આહાહા! જગતની હોંશું ટાળી નાખે એવી આ વાત છે. હું તો જ્ઞાયક છું, હું શરીરાદિનો આધાર પણ નહીં ને તેનું કારણ પણ નથી. મારા કારણ વિના જ શરીર, વાણી ને મન વાસ્તવમાં કારણવાળાં હોવાથી તેના કારણે તેની ક્રિયાઓ થાય છે. માટે ધીરો થા ભાઈ! તે ક્રિયાને હું કરું છું–એ વાત છોડી દે. શરીર વાણી ને મનનું હું કારણ નથી પણ તેઓ પોતે પોતાના કારણવાળાં છે, માટે શરીર, વાણી ને મનના કારણપણાનો પક્ષપાત છોડીને હું અત્યંત મધ્યસ્થ છું.

શરીર, વાણી ને મન આત્માના ક્ષેત્રે રહ્યાં છે છતાં હું તેનો કર્તા નથી એમ ન કહેતાં શરીર, વાણી ને મનનું કર્તા અચેતન દ્રવ્ય છે–એમ પહેલાં કહ્યું, આધાર અને કારણના બે બોલ કહ્યાં તેમાં પણ હું શરીર, વાણી ને મનનો આધાર કે કારણ નથી એમ પહેલાં ન કહેતાં શરીર, વાણી ને મનનો આધાર ને કારણ અચેતનદ્રવ્ય છે, તેથી તેનો હું આધાર, કારણ કે કર્તા નથી એમ કહ્યું છે. ટીકામાં ખૂબી છે, અલૌકિક ટીકા છે.

શરીર, વાણી ને મનનો આધાર કોણ છે?–કે તેનો આધાર અચેતનદ્રવ્ય છે, હું આધાર નથી. શરીર, વાણી ને મનનું કારણ કોણ છે?–કે તેનું કારણ અચેતનદ્રવ્ય છે, હું કારણ નથી. એક ક્ષેત્રે રહેલાં શરીર, વાણી ને મનની વાત કરી છે. જે એક ક્ષેત્રે રહેલાં પણ નથી એવા સ્ત્રી–પુત્ર–પૈસા–મકાન આદિ તો ક્યાંય રહ્યા! શરીરથી માંડીને જગત આખું વિશ્વ છે, તે તેના આધારે રહ્યાં છે, તેના દ્રવ્યનાં કારણે રહ્યાં છે, હું તેનો આધાર નથી, હું તેનું કારણ નથી.

સ્વતંત્રપણે શરીર, વાણી ને મનની પર્યાયનું કરનારું તેનું અચેતનદ્રવ્ય છે, હું તેનો કર્તા નથી. શરીર, વાણી ને મનને અચેતનદ્રવ્ય સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે, હું તેનો કર્તા નથી. શરીર, વાણી ને મનનો કર્તા અચેતનદ્રવ્ય છે એમ સિદ્ધ કરીને કહે છે કે હું તેનો કર્તા નથી. મારી પ્રેરણાથી શરીર ચાલ્યું કે ઇચ્છાથી વાણી નીકળી ને?–કે ના; પ્રભુ! શરીર, વાણી ને મનના પરમાણુઓનું પરિણમન સ્વતંત્રપણે

અચેતનદ્રવ્યના કર્તાપણાથી કરાય છે. હું તેના કર્તાપણામાં નથી, હું તો જ્ઞાયકપણામાં છું.

આહાહા! સંતો ઢંઢેરો પીટીને કહે છે કે શરીર, વાણી ને મનના પરમાણુઓ મારી પ્રેરણાની અપેક્ષા રાખ્યા વિના અચેતનદ્રવ્યથી સ્વતંત્રપણે કરાય છે અને હું તે નથી અર્થાત્ હું તેનો કર્તા નથી. શરીર, વાણી ને મનનું કરનારું અચેતનદ્રવ્ય છે, તેમાં હું નથી. ભિન્ન દ્રવ્યોને ભિન્નપણે બતાવનારી ગજબ શૈલી છે. કહે છે કે શરીર, વાણી ને મનની અવસ્થાને સ્વતંત્રપણે કરનારું અચેતનદ્રવ્ય છે, તેમાં હું નથી ને મારા કર્તાપણા વિના તેઓ કરાય છે માટે તેમના કર્તાપણાનો મને પક્ષપાત નથી.

પહેલો આધારનો બોલ કહ્યો, કેમ કે શરીર, વાણી ને મન આત્માના ક્ષેત્રે રહ્યાં છે ને! તેથી તેનો આધાર કોણ છે? –કે તેનો આધાર અચેતનદ્રવ્ય છે, હું આધાર નથી. પછી તેના કારણની વાત કરી કે શરીર, વાણી ને મન કારણવાળાં છે, અચેતનદ્રવ્ય તેનું કારણ છે, તે હું નથી.

શરીર, વાણી ને મનની પર્યાયનું કરનારું અચેતનદ્રવ્ય છે, આત્મા નહીં. કોણ બોલે?–કે બોલે એ બીજો, બોલે એ આત્મા નહીં! મારી ઇચ્છાની અપેક્ષા રાખીને શરીર, વાણી ને મનની પર્યાય થાય છે એમ નથી, સ્વતંત્રપણે અચેતન દ્રવ્યથી તે પર્યાય કરાય છે.

સ્ત્રી–પુત્ર–પૈસા આદિની તો શી વાત કરવી! એ બધા દ્રવ્યો તો તેના દ્રવ્યના કારણે છે. પણ તારા ક્ષેત્રે રહેલાં જે અનંત પરમાણુઓ શરીર, વાણી ને મનના છે તે તારા આધારે રહેલાં છે તેમ નથી, તે તો તેના આધારે રહેલાં છે. શરીર, વાણી ને મન કારણવાળાં છે ને અચેતનદ્રવ્ય તેનું કારણ છે, તેમાં હું નથી. હાથ ઊંચો નીચો થવાની ક્રિયા અચેતનદ્રવ્યથી સ્વતંત્રપણે કરાય છે, તેમાં હું નથી. અચેતન દ્રવ્યનું કાર્ય અચેતનદ્રવ્યથી સ્વતંત્રપણે કરાય છે, તેમાં હું નથી.

અનંત દ્રવ્યો છે તે અનંતપણે ક્યારે રહે?–કે પોતપોતાના ક્ષેત્રે પરની અપેક્ષા રાખ્યા વિના સ્વતંત્રપણે રહે ત્યારે અનંતપણે રહે. આહાહા! શું ટીકા! માર્ગ ખુલ્લો કરી નાખ્યો છે. કહે છે કે શરીર, વાણી ને મનની ભિન્ન ભિન્ન અવસ્થા દેખાય તેથી તેમાં આધાર, કારણ કે કર્તા હું છું–તો એમ નથી. કેમ કે તે તે સમયની ભિન્ન ભિન્ન અવસ્થામાં આધાર, કારણ ને કર્તા તેનું અચેતનદ્રવ્ય છે, હું તેમાં નથી.

ખાવાની ક્રિયા ટાણે (–વખતે) રોટલીના બટકા થવામાં આંગળીની ક્રિયા

થાય કે પાણી પીવામાં હાથ ઊંચો થાય તે આત્માના ક્ષેત્રે હોવા છતાં તેના કર્તાપણામાં અચેતનદ્રવ્ય છે, હું તેમાં નથી. શરીર, વાણી ને મનની તે તે સમયે ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે માટે તેની ભિન્નતામાં મારી ઇચ્છાની કાંઈક અપેક્ષા હશે ને ?–કે ના, ના એ તો સ્વતંત્રપણે તેના અચેતનદ્રવ્ય વડે કરાય છે.

કોઈ દ્રવ્યનો ઈશ્વરાદિ તો કર્તા નથી, પણ તારા ક્ષેત્રે રહેલાં શરીર, વાણી ને મનનો તું કર્તા નથી. આહાહા ! અકર્તાપણાની પરાકાષ્ટા ! શરીર, વાણી ને મન મારા કર્તાપણા વિના પણ તેઓ ખરેખર કરાય છે. મારી પ્રેરણા હતી માટે વાણી એવી નીકળી–એમ પ્રભુ ! તું માનીશ નહીં. શરીર, વાણી ને મનની અવસ્થાઓ સ્વતંત્રપણે કરાય છે. તેઓ સ્વતંત્રપણે કરાય છે તેમાં તું શું કરે ?

ખાવા વખતે જેવી ઇચ્છા થાય તેવા બટકા કરે, કાંકરી આવે તો થૂંકી નાખે –એમ તારી ઇચ્છાથી થતું હશે ને ?–કે ના, ના, તે તે અવસ્થા સ્વતંત્રપણે તેના અચેતનદ્રવ્ય વડે કરાય છે. તેમાં હું નથી, હું તેનો કર્તા નથી. અરે પ્રભુ ! જે સ્વતંત્રપણે તારા કર્તાપણા વિના કરાય છે તેનો તારે કર્તા થવું છે ?

આહાહા ! જરા ધીરજ જોઈએ, શાંતિથી અંદર લક્ષમાં આવે તો આ વાત બેસે. સ્વતંત્રપણે, તેના ક્રમબદ્ધમાં, શરીર આદિની અવસ્થા અચેતનદ્રવ્ય વડે કરાય છે. હું તેનો કર્તા નથી. હું કર્તા વિના પણ શરીર, વાણી ને મનની ક્રિયા કરાય છે, માટે તેમના કર્તાપણાતો પક્ષપાત છોડી હું અત્યંત મધ્યસ્થ થાઉં છું.

હવે કહે છે કે હું તેનો પ્રયોજક પણ નથી. શરીર, વાણી ને મનને કરનારું એવું જે અચેતનદ્રવ્ય તેનો પ્રયોજક હું નથી. હું તેની યોજના કરું છું એમ નથી. તને એમ લાગતું હોય કે મારી હયાતી છે માટે શરીર, વાણી ને મનની હયાતી છે તો એમ નથી. શરીર, વાણી ને મન ભલે તેઓ વડે કરાય છે પણ હું તેનો યોજક તો છું ને ? –કરાવનાર તો હું છું ને ?–કે ના, ના. શરીર, વાણી ને મનને કરનારું એવું જે અચેતનદ્રવ્ય તેનો પ્રયોજક તું નથી.

સ્વતંત્રપણે શરીર, વાણી ને મનનું કર્તા એવું જે અચેતનદ્રવ્ય તેનો હું પ્રયોજક નથી. કર્તા તો હું નથી પણ તેને કરાવનાર પણ હું નથી. એ સમયે શરીર, વાણી ને મનનું કાર્ય થાય છે પણ તેનો પ્રયોજક હું નથી. વાણી આમ થવી જોઈએ–એ વાત ન રહી ! શાસ્ત્રમાં ચરણાનુયોગના કથનમાં આવે છે કે ઇર્યાસમિતિપૂર્વક ચાલે. અહીં કહે છે કે પગની ક્રિયા થાય છે તેનો કર્તા તો હું નથી પણ તેનો પ્રયોજક

પણ હું નથી. હું તેમનો કરાવનાર થયા વિના પણ, મારા પ્રયોજકપણા વિના પણ તેઓ ખરેખર કરાય છે માટે તેમના કર્તાના પ્રયોજકપણાનો–કરાવનારપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

આહાહા! એક ભાવ બરાબર જાણે તો બધાય ભાવ સમજાઈ જાય, વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી ને મનને કરનારું જે અચેતનદ્રવ્ય તેનો અનુમોદક પણ નથી. શરીર, વાણી ને મનનું કરનારું અચેતનદ્રવ્ય છે, તેનાથી તે કાર્ય થાય છે, થાય છે તે કાર્યનો હું અનુમોદક પણ નથી. નાના જીવડા ઉપર પગ આવતાં પગ ઊંચકી લેવાય તેમાં પગની સ્થિતિનો ફેરફાર અચેતનદ્રવ્યથી થયો છે અને હું તેનો અનુમોદક પણ નથી. પગ ઊંચો થયો તે ઠીક થયું, જીવ ઉપર પગ ન પડયો ને જીવ બચી ગયો માટે પગ ઊંચો રહ્યો એ ઠીક થયું એવો અનુમોદક હું નથી.

સત્ય બોલાયું એ તો અચેતનદ્રવ્યની ક્રિયા છે ને હું તેનો અનુમોદક પણ નથી. સત્ય બોલાયું એ ઠીક છે એમ હું અનુમોદક નથી. શરીરની આ રીતની ક્રિયા થઈ તે ઠીક થઈ એમ અનુમોદનારો હું નથી. વાણીમાં સત્ય બોલાયું એ ઠીક થયું એવું અનુમોદન હું કરતો નથી, કેમ કે એ તો અચેતનદ્રવ્યની ક્રિયા છે. ચોરી કરવાનું ન થયું, પરિગ્રહ રાખવાનું ન થયું કે બ્રહ્મચર્ય પાળવું થયું–એવી જે શરીરની ક્રિયાને તેને હું અનુમોદતો નથી, કેમ કે એ ક્રિયાને કરનારું અચેતનદ્રવ્ય છે.

મુનિ થતી વખતે કપડા છોડવાની જે શરીરની ક્રિયા થાય છે ને નગ્ન દશા થવાની ક્રિયા અચેતનદ્રવ્યની છે. હું તેનો અનુમોદક નથી. શરીરની ક્રિયાનો આધાર તો નથી, કારક તો નથી, કર્તા તો નથી, પ્રયોજક તો નથી પણ એ ક્રિયા થઈ તેનો અનુમોદક પણ હું નથી–એમ ધર્મી શરીરાદિ પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થ છે.

શરીર ને વાણીની થતી ક્રિયા તેને જાણનારો તું છો, થાય તેને કરનારો તું નથી. પ્રભુ! તું જ્ઞાયક છો ને! તેથી શરીર, વાણી ને મનની જે ક્રિયા થાય તેનો તું જાણનારો છો પરંતુ તે ક્રિયાનો અનુમોદક પણ તું નથી. તે તે સમયે સ્વતંત્રપણે પરમાણુની પર્યાયનું કરનારું અચેતનદ્રવ્ય છે, તેનો તું અનુમોદક નથી ભાઈ! પ્રભુ! તારી આવી મોટપ છે, આવી પ્રભુતા છે. શરીર, વાણી ને મનની ક્રિયા થાય તેનો જાણનારો છો, પરંતુ કર્તા તો નથી પણ અનુમોદક પણ તું નથી. સુખી થવું હોય તો આ રીતે સુખી થવાશે કે મન, વચન ને કાયાના જે કાર્યો થાય એ ઠીક છે એવો અનુમોદક પણ ભગવાન આત્મા નથી.

ક્રમબદ્ધમાં શરીરની ક્રિયાને તે સમયે કરનારું અચેતનદ્રવ્ય છે, તે ક્રિયા તે સમયે થાય છે તેમાં હું અનુમોદક પણ શું? જે થાય જ છે તેનો અનુમોદક શું? સમ્યગ્દ્રષ્ટિ ભરત–બાહુબલી યુદ્ધમાં જોડાયા, ચક્ર ફેંકે છતાં એ ક્રિયા મારી નથી એમ સમજે છે. એ ક્રિયા થાય તેનો અનુમોદક હું નથી. 'ઠીક ત્યારે શરીરની ગમે તે ક્રિયા થવા દો!'–અરે ભાઈ! જેને એ ક્રિયાનું કર્તાપણું ભાસતું નથી તેને તેના અચેતન દ્રવ્યથી ગમે તે ક્રિયા પણ થતી નથી.

શરીર, વાણી ને મનની ક્રિયા તેના અચેતનદ્રવ્યથી કરાયેલી છે, તેનો હું અનુમોદક નહીં. મારા અનુમોદન વિના પણ તેઓ ખરેખર કરાય છે. તે તે સમયે દેહ ને વાણીની ક્રિયા તેના વડે કરાય છે. જે સમયે જે અચેતનની ક્રિયા તેનાં વડે કરાય છે –થાય છે તેને આઘી–પાછી કરવા કોઈ સમર્થ નથી. હું કર્તાના અનુમોદક હોયા વિના પણ શરીર, વાણી ને મનની ક્રિયા અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય છે. મારા કર્તાના અનુમોદકપણા વિના પણ શરીર વાણી ને મનની ક્રિયા અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના અનુમોદકપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું. સંતો કહે છે કે હું આ પ્રત્યક્ષ જ્ઞાયક પરની ક્રિયાના કાર્યમાં મધ્યસ્થ છું.

## * અદ્ભૂત સ્વાનુભૂતિ *

સ્વાનુભૂતિના કાળે અનંતગુણસાગર આત્મા પોતાના જ્ઞાન–આનંદ આદિ અનંત ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. આહાહા! ઇન્દ્રના ઇન્દ્રાસનમાં પણ જેની ગંધ નથી એવા આનંદથી રમતો પ્રગટ થાય છે. અનુભૂતિના આનંદની દશા કોઈ અદ્ભૂત છે, વચનાતીત છે. આવી દશા પ્રગટ થતા આખું જીવન પલટી જાય છે. રાગ અને કષાયના વેદનનું જીવન હતું તેનાથી રહિત ભગવાન આત્માના આનંદનું વેદન આવ્યું, એ દશાનું જીવન અદ્ભૂત છે. દુઃખની દશાનું જીવન હતું તે પલટીને આનંદ ને શાંતિનું જીવન થઈ જાય છે. આનંદમય અનુભૂતિમાં બાર અંગનો સાર આવી જાય છે. બાર અંગમાં પણ અનુભૂતિ કરવાનું કહ્યું છે ને! એ દશા કોઈ અદ્ભૂત ચમત્કારિક દશા છે. ભગવાન આત્મા આનંદસાગર છે. સાગરમાં પાણીનો પાર નથી છતાં સાગરના બિંદુ અસંખ્ય માત્ર છે. અસંખ્ય જોજનનો સ્વયંભૂરમણસમુદ્ર છે, તેના બિંદુ પણ અસંખ્ય છે, અનંત ન હોય. પણ ભગવાન આત્મા તો અનંત અનંત અનંત આનંદનો સાગર છે. તેમાં જે લલચાયો છે તેને ઇન્દ્રના ઇન્દ્રાસનો લલચાવી શકતા નથી. એવો અદ્ભૂત ચમત્કારિક આત્માના આનંદની અનુભૂતિનો સ્વાદ છે.

## આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

[ શ્રી સમયસાર ગાથા–૨૦૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

હે ભવ્ય! એટલો જ પરમાર્થ સત્ય સ્વરૂપ આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે. આત્મા જ્ઞાનપ્રમાણ છે, માટે જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય સંતોષ પામ. કેમ કે ત્યાં તને ભગવાન મળશે. આત્મા જ્ઞાનપ્રમાણે છે માટે જ્ઞાન તે આત્મા એમ નિર્ણય કરીને તેની રુચિ કર, પ્રતીતિ કર. રાગ છોડી દે એમ ન કહ્યું પણ આમાં પ્રીતિ કર એમ કહ્યું, કેમ કે આમાં પ્રીતિ કર એટલે રાગ છૂટી જ જશે.

દયા–દાન આદિના વિકલ્પ એ તો અજીવ છે, એ જીવ નથી. આહાહા! દેવ–શાસ્ત્ર ને ગુરુ એમ કહે છે કે તું જ્ઞાનમાત્ર આત્મા છો, ત્યાં પ્રીતિ કર, અમારી પ્રીતિ રહેવા દે. જ્ઞાનમાત્રનો પ્રેમ કરીને કરવું શું?–કે જેટલું જ્ઞાન છે એટલું જ કલ્યાણસ્વરૂપ છે–એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી સદાય તૃપ્તિ પામ. આનંદની દશામાં સંતોષ પ્રાપ્ત કર.

વાંચન–શ્રવણ–મનનમાં પણ વિકલ્પ ઉઠે છે એ આત્મા નહીં, જેટલું જ્ઞાન એટલો આત્મા છે, જેટલું જ્ઞાન એટલો કલ્યાણસ્વરૂપ આત્મા, ત્યાં દ્રષ્ટિ કર, ત્યાં સંતોષ પામ. પ્રભુ એમ કહે છે કે તારા જ્ઞાનસ્વરૂપમાં તું રતિ કર, ત્યાં સંતોષ પામ. મારી સામે જોઈશ તો રાગ થશે. તારો ભગવાન આત્મા એટલો જ સત્ય છે–એટલો જ કલ્યાણસ્વરૂપ છે. પ્રભુ! તું એટલો જ સત્ય છે કે જેટલો તું જ્ઞાનપ્રમાણ છે. એટલો જ તું સત્ય છે જેટલો અનુભવ કરવાયોગ્ય છે.

આવું સત્ય–અલૌકિક સાંભળવા મળવું તે પણ મહા પુણ્ય વિના બનતું નથી. છતાં કહે છે કે એ સાંભળવાનો વિકલ્પ અનુભવવા લાયક નથી. આત્મા આનંદપ્રમાણ છે, જ્ઞાનપ્રમાણ છે, અનંત ગુણપ્રમાણ આત્મા છે એમ નિશ્ચય કરીને ત્યાં રતિ પામ, સંતોષ પામ, તૃપ્તિ પામ. પ્રથમ જ્ઞાનમાં આમ નિર્ણય તો કર કે વેદવા લાયક હોય તો આત્મા છે, સંતોષ પામવા જેવું ત્યાં છે, તૃપ્તિ પામવા જેવું ત્યાં છે.

સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ ને આત્માથી તૃપ્ત થા, તને ઇન્દ્રિયથી અગોચર એવા અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે. બહારની બધી રુચિ છોડીને પર્યાયને ત્રિકાળી

તરફ વાળ એટલે કે પર્યાયમાં ત્રિકાળીની રુચિ કર. અનાદિથી રાગના પંથે છો એ દુઃખના પંથ છે. હવે જ્ઞાનમાત્ર પ્રભુની પ્રીતિ કરતાં, તેમાં તૃપ્તિ પામતાં તું સુખના પંથે દોરાઈ જઈશ, સુખની સડક બંધાઈ જશે માટે જ્ઞાનમાત્ર આત્માની રુચિ કર, તેમાં સંતુષ્ટ થા અને તેમાં તૃપ્તિ પામ, તને વચનાતીત અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થશે અને એ સુખને તું એ જ ક્ષણે દેખશે–અનુભવશે.

આહાહા! અરે પ્રભુ! બહારમાં માથા પછાડવા છોડ ને! તું તો વિકલ્પથી રહિત છો, વિકલ્પથી તું પ્રાપ્ત નહીં થાય. પ્રભુ! તારું ઘર તો જ્ઞાનનો પુંજ છે, તેની ઉપર નજર કર ને નાથ! જ્યાં ચૈતન્યનિધાન પડયા છે તેનો પહેલો વિશ્વાસ તો લાવ, વિશ્વાસ કર તો અંદરમાં જવાશે.

અમૃતનો ભંડાર પ્રભુ તું પોતે છો, તેની દ્રષ્ટિ કર, તેની રુચિ કર. તને આનંદ આવશે. પ્રભુ! જે અંદર મોજૂદ છે તેનો વિશ્વાસ કર નાથ! તને અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે. માટે બીજાને ન પૂછ, અતિ પ્રશ્નો ન કર. ત્રણ લોકના નાથ સીમંધર પ્રભુ સમવસરણમાં આ કહે છે અને સંતો એ વાત અહીં બહાર મૂકે છે.

જ્ઞાનમાત્ર કહો, ઈશ્વરમાત્ર કહો, પ્રભુતાની પૂરણતામાત્ર કહો–એવો આત્મા છે, તેની રુચિ કર, તેને પોષાણમાં લે, બહારના પોષણ–રુચિ છોડી દે ને આત્માને પોષણમાં લે. કરવાનું તો આ છે. માટે બીજાને ન પૂછ, અતિ પ્રશ્નો ન કર ને ઉપર કહ્યું તેમ જ્ઞાનમાત્ર આત્માની પ્રીતિ–રુચિ કર ને તેનાથી જ સંતુષ્ટ થા. તને જરૂર અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે, અનુભવ થશે તારે બીજાને પૂછવા નહિ જવું પડે. માટે જ્ઞાનમાત્ર આત્મામાં લીન થા, તને વર્તમાનમાં આનંદ અનુભવાશે ને અલ્પકાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે.

## * વિશ્વનું અદ્ભૂત તત્ત્વ *

અહો! આ ભગવાન આત્મા સર્વાંગ સહજાનંદની મૂર્તિ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ..... આનંદ.....ને......આનંદ. જેમ સાકર સર્વાંગે ગળપણથી–મીઠાશથી ભરેલ છે, તેમ ભગવાન આત્મા સર્વાંગ આનંદથી ભરેલો છે. વિશ્વનું અદ્ભૂત તત્ત્વ આત્મા જ છે. તેની અંદર જવાથી તારા અનંત ગુણનો બગીચો ખીલી ઉઠશે. જેમ કમળ ખીલી ઉઠે છે તેમ તારા ગુણો ખીલી ઉઠશે. ત્યાંથી જ્ઞાન મળશે, આનંદ મળશે. ત્યાં જ વિસામો લે, ત્યાં જ વિહાર કર, ત્યાંથી જ અનંત આનંદ ને જ્ઞાન આદિ બધુ મળશે. –પૂજ્ય ગુરુદેવ

# * ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન *

જરા વિચાર તો કરો તે કાર્તિકેયાનુપ્રેક્ષાનું ઉક્ત કથન ગૃહીતમિથ્યાત્વના નિષેધ માટે કરવામાં આવ્યું છે, તેને સાર્વભૌમ ન માની લેવું જોઈએ–એનો શો અર્થ થઈ શકે? શું આ વાત સત્ય નથી, માત્ર ગૃહીતમિથ્યાત્વ છોડાવવા માટે એમ જ કહી દેવામાં આવી છે? શું અસત્યના આશ્રયે ગૃહીતમિથ્યાત્વ છૂટી શકે છે? શું સમય પહેલાં કોઈ કાર્ય પૂર્ણ કરી શકાય છે? શું સમય પહેલાં કાર્ય પૂર્ણ કરવામાં જ પુરુષાર્થ છે? બાકીના કાર્ય શું પુરુષાર્થ વિના જ પૂર્ણ થઈ જાય છે? –આ કેટલાક પ્રશ્નો છે કે જે ઉક્ત સત્યને સાર્વભૌમિક અને સાર્વકાલિક ન માનવાથી ઉત્પન્ન થાય છે. વળી સર્વજ્ઞતાનો પ્રશ્ન પણ ઉભો થયેલો જ છે.

હવે રહ્યો એક પુરુષાર્થહીનતાનો પ્રશ્ન? તેના સંદર્ભમાં અમારે એ કહેવાનું છે કે ક્રમબદ્ધપર્યાયની વાત સર્વત્ર પુરુષાર્થને આગળ રાખીને જ કહેવામાં આવી છે, તેની ઉપેક્ષા કરીને નહીં.

હોનહારની ચર્ચા કરતાં ભૈયા ભગવતીદાસજી પણ પુરુષાર્થની પ્રેરણા દેવાનું ભૂલ્યા નથી. તેમની દ્રષ્ટિમાં સાચું હોનહાર અર્થાત્ ક્રમબદ્ધપર્યાય પુરુષાર્થનાશક નથી, પરંતુ પુરુષાર્થપ્રેરક છે. જે પદમાં તેઓ આ લખે છેઃ–

"જો જો દેખી વીતરાગને, સો સો હોસી વીરા રે;
અનહોની હોસી નહિં કયોં હી, કાહે હોત અધીરા રે,"

તે જ પદમાં આગળ ચાલતાં પુરુષાર્થની પ્રેરણા દેતાં લખે છેઃ–

"તૂ સમ્હારિ પૌરુષ બલ અપનો, સુખ અનંત તો તીરા રે."

જો કે કાર્યની ઉત્પત્તિમાં અનેક કારણ માનવામાં આવ્યા છે, જેમને પાંચ સમવાયના નામથી પણ કહેવામાં આવે છે; તોપણ તે બધામાં પુરુષાર્થને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત છે, કેમકે પ્રયત્ન તેના જ સંદર્ભમાં સંભવિત છે–ભવિતવ્ય (હોનહાર), કાળલબ્ધિ આદિમાં સંભવિત નથી. ક્રમબદ્ધપર્યાય અર્થાત્ સમ્યક્ નિયતિ માનવામાં જગતને પુરુષાર્થની અપ્રાસંગિકતા દેખાય છે, જ્યારે સમ્યક્ નિયતિમાં અન્ય કારણોથી ઉપેક્ષા ન હોવાથી આ જાતની કોઈ વાત નથી. આ જ વાત ઉપર્યુક્ત કથનમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે.

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગના સંદર્ભમાં આ વિષય ઉઠાવીને ઘણી સારી મીમાંસા પ્રગટ કરી છે. તેના કેટલાક અંશ જોવા જેવા છે, કે જે આ રીતે છેઃ–

"અહીં પ્રશ્ન છે કે મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતાં ભવિતવ્યાનુસાર બને છે, કે મોહ આદિના ઉપશમાદિ થતાં બને છે કે પોતાના પુરુષાર્થથી ઉદ્યમ કરતાં બને છે–તે કહો. જો પ્રથમ બન્ને કારણો મળતાં બનતો હોય તો અમને ઉપદેશ શા માટે આપો છો? અને પુરુષાર્થથી બનતો હોય, તો ઉપદેશ તો બધા સાંભળે છે, તેમાં કોઈ ઉપાય કરી શકે છે, કોઈ નથી કરી શકતા; તો તેનું કારણ શું?

સમાધાનઃ– એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. જ્યાં મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણેય કારણ મળે છે, અને નથી બનતો ત્યાં ત્રણેય કારણ નથી મળતા. પૂર્વોક્ત ત્રણ કારણ કહ્યા તેમાં કાળલબ્ધિ અને હોનહાર તો કોઈ વસ્તુ જ નથી; જે કાળે કાર્ય બને છે તે જ કાળલબ્ધિ અને જે કાર્ય થયું તે જ હોનહાર. તથા જે કર્મના ઉપશમાદિક છે તે પુદ્ગલની શક્તિ છે, આત્મા તેનો કર્તા–હર્તા નથી. તથા પુરુષાર્થથી ઉદ્યમ કરે છે તે આ આત્માનું કાર્ય છે; તેથી આત્માને પુરુષાર્થથી ઉદ્યમ કરવાનો ઉપદેશ આપે છે.

ત્યાં આ આત્મા જે કારણે કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં તો અન્ય કારણો મળે જ, મળે છે અને કાર્યની પણ સિદ્ધિ થાય જ થાય છે. તથા જે કારણથી કાર્યની સિદ્ધિ થાય અથવા ન પણ થાય, તે કારણરૂપ ઉદ્યમ કરે, ત્યાં અન્ય કારણો મળે તો કાર્યસિદ્ધિ થાય છે, ન મળે તો સિદ્ધિ નથી થતી.

ત્યાં જિનમતમાં જે મોક્ષનો ઉપાય કહ્યો છે, તેનાથી મોક્ષ થાય જ, થાય છે. તેથી જે જીવ પુરુષાર્થથી જિનેશ્વરના ઉપદેશાનુસાર મોક્ષનો ઉપાય કરે છે તેને કાળલબ્ધિ અને હોનહાર પણ થયા અને કર્મના ઉપશમાદિ થયા છે તેથી તો તે આવો ઉપાય કરે છે. તેથી જે પુરુષાર્થથી મોક્ષનો ઉપાય કરે છે તેને સર્વ કારણો મળે છે અને તેને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે–એવો નિશ્ચય કરવો. તથા જે જીવ પુરુષાર્થથી મોક્ષનો ઉપાય નથી કરતો તેને કાળલબ્ધિ અને હોનહાર પણ નથી અને કર્મના ઉપશમાદિ થયા નથી, તેથી તો એ ઉપાય કરતો નથી. તેથી જે પુરુષાર્થથી મોક્ષનો ઉપાય નથી કરતો તેને કોઈ કારણ નથી મળતા અને તેને મોક્ષની પ્રાપ્તિ નથી થતી–એવો નિશ્ચય કરવો." [૧]

ઉક્ત કથનમાં પં. ટોડરમલજીએ કાર્યની ઉત્પત્તિમાં પુરુષાર્થને મુખ્ય રાખીને કાળલબ્ધિ આદિ અન્ય કારણોની પણ અનિવાર્ય ઉપસ્થિતિ બતાવી છે. વાસ્તવમાં પાંચેય

---

૧. મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૦૯

સમવાયોનો સમુદાય જ કાર્યનો ઉત્પાદક છે. એમ કહેવું એ કોરી કલ્પના જ છે કે પાંચે સમવાયોમાંથી જો એક પણ ન મળ્યું તો કાર્ય નહિ થાય, કેમ કે એવો સંભવ જ નથી કે કાર્ય થવાનું હોય અને કોઈ સમવાય ન મળે. જ્યારે કાર્ય થવાનું હોય છે ત્યારે બધા સમવાય હોય જ, હોય છે. પુરુષાર્થને મુખ્ય કરીને આ વાત પં. ટોડરમલજીએ ઘણી જ સ્પષ્ટ લખી છે. પુરુષાર્થ પણ અન્ય સમવાયો અનુસાર જ થાય છે. પાંચ સમવાયોમાં કોઈ પરસ્પર સંઘર્ષ નથી, પરંતુ અદ્‌ભૂત સુમેળ છે. તેથી એમ કહેવું કે જો હોનહાર ન થયું કે કાળલબ્ધિ ન પાકી તો પુરુષાર્થથી શું થાય? અથવા નિમિત્ત ન મળ્યું તો હોનહાર શું કરે અથવા પુરુષાર્થ શા કામમાં આવે? આદિ–માનસિક વ્યાયામ સિવાય કાંઈ અર્થ સારતો નથી.

આમ તો પુરુષાર્થ વિના કોઈ પણ કાર્ય સંપન્ન થતું નથી. બધે જ અન્ય સમવાયોની અપેક્ષા સહિત પુરુષાર્થનું સામ્રાજ્ય છે. મોક્ષમાર્ગરૂપી કાર્યની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને પૂર્ણતામાં પણ કાળલબ્ધિ આદિ અન્ય સમવાયોની સાથોસાથ પુરુષાર્થનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, છતાં પણ મોક્ષના માર્ગના સંદર્ભમાં પુરુષાર્થની વ્યાખ્યા જગત જેને પુરુષાર્થ સમજે છે, તેનાથી કાંઈક ભિન્ન જ છે.

પુરુષાર્થસિદ્ધયુપાયની ભાષાટીકામાં શ્લોક–૯ ના ભાવાર્થમાં પંડિત ટોડરમલજીએ પુરુષની વ્યાખ્યા આ રીતે કરી છેઃ–

“**पुरु** -ઉત્તમ ચેતના ગુણમાં, **सेते** -સ્વામી થઈને પ્રવર્તન કરે–તેને પુરુષ કહે છે. જ્ઞાનદર્શન ચેતનાના નાથને પુરુષ કહે છે.”

અર્થ અર્થાત્ પ્રયોજન–આ રીતે ઉત્તમ ચેતના ગુણના સ્વામી થઈને તેમાં જ પ્રવર્તન કરવાનું છે પ્રયોજન જેનું, તેને પુરુષાર્થ કહે છે. બીજા શબ્દોમાં મોક્ષના માર્ગમાં આત્માનુભવનની પ્રાપ્તિનો પ્રયાસ જ પુરુષાર્થ છે.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાની સ્થિતિમાં તો ઉક્ત પુરુષાર્થ વિશેષ કરીને જાગૃત થાય છે, કારણ કે અનાદિકાળથી જગતના પરિણમનને પોતાની ઇચ્છાનુકૂળ કરવાની આકુળતાથી વ્યાકુળ પ્રાણી જ્યારે એ અનુભવ કરે છે કે જગતના પરિણમનમાં કાંઈ પણ ફેરફાર નથી કરી શકતો ત્યારે તેનો ઉપયોગ સહેજે જગતથી ખસીને આત્મસન્મુખ થાય છે. અને જ્યારે એ શ્રદ્ધા બને છે કે હું મારી ક્રમનિયમિત પર્યાયોમાં પણ કોઈ ફેરફાર નથી કરી શકતો ત્યારે પર્યાય ઉપરથી પણ દ્રષ્ટિ ખસી જાય છે અને સ્વસ્વભાવ તરફ ઢળે છે.

દ્રષ્ટિનું સ્વભાવ તરફ ઢળવું તે જ મોક્ષના માર્ગમાં અનંત પુરુષાર્થ છે, ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરનારને ઉક્ત શ્રદ્ધાના કાળમાં આત્મોન્મુખી અનંત

પુરુષાર્થ થવાનો અને સમ્યગ્દર્શન પ્રકટ કરવાનો ક્રમ પણ સહજ હોય છે.

કર્તૃત્વના અહંકારથી પિડાયેલ આ જગતને પરમાં કે પર્યાયમાં કાંઈ ફેરફાર કરવામાં જ પુરુષાર્થ દેખાય છે. પર અને પર્યાય સંબંધી વિકલ્પોથી વિરામ લઈને સ્વમાં સ્થિર થઈ જવામાં પુરુષાર્થ દેખાતો નથી. સર્વજ્ઞ ભગવાન પરમાં અને પોતાની પર્યાયમાં પણ કાંઈ ફેરફાર કરતા નથી, તેથી શું તે પુરુષાર્થહીન થઈ ગયા? શું તેમને ધર્મ અને મોક્ષ પુરુષાર્થ નથી?

તેમના વીર્ય ગુણનો પૂર્ણ વિકાસ થઈ ગયો છે, છતાં પણ શું તે અનંત વીર્યના ધણી અર્થાત્ પૂર્ણ પુરુષાર્થી નથી? પરમાં અને પર્યાયમાં કાંઈ પણ ફેરફાર કર્યા વિના જ જો તેઓ અનંત પુરુષાર્થી થઈ શકે છે, તો પછી આપણે શા માટે નહિ? આવા કેટલાક પ્રશ્નો તેમની સામે છે કે જેમને ક્રમબદ્ધપર્યાય માનવામાં પુરુષાર્થ ઉડી જતો દેખાય છે.

ઉક્ત સંદર્ભમાં સ્વામીજીના વિચાર પણ જોવા જેવા છેઃ–

પ્રશ્નઃ– "જો બધું જ ક્રમબદ્ધ છે અને તેમાં જીવ કાંઈ પણ પરિવર્તન નથી કરી શકતો તો પછી જીવમાં પુરુષાર્થ ક્યાં કહ્યો?

ઉત્તરઃ– બધું જ ક્રમબદ્ધ છે–આ નિર્ણયમાં જ જીવનો અનંત પુરુષાર્થ સમાયેલો છે, પરંતુ તેમાં કોઈ પરિવર્તન કરવું એ આત્માના પુરુષાર્થનું કાર્ય નથી. ભગવાન જગતનું બધું જ માત્ર જાણે છે, પરંતુ તેઓ પણ કાંઈ પરિવર્તન કરી શકતા નથી, તો શું તેથી ભગવાનનો પુરુષાર્થ પરિમિત થઈ ગયો? ના, ના; ભગવાનનો અનંત અપરિમિત પુરુષાર્થ પોતાના જ્ઞાનમાં સમાયેલો છે. ભગવાનનો પુરુષાર્થ નિજમાં છે, પરમાં નથી. પુરુષાર્થ જીવદ્રવ્યની પર્યાય છે, તેથી તેનું કાર્ય જીવની પર્યાયમાં થાય છે. પરંતુ જીવના પુરુષાર્થનું કાર્ય પરમાં થતું નથી.

જે એમ માને છે કે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનદશા આત્માના પુરુષાર્થ વિના થાય છે તે મિથ્યાદ્રષ્ટિ છે. જ્ઞાની પ્રતિક્ષણ સ્વભાવની પૂર્ણતાના પુરુષાર્થની ભાવના કરે છે. અહો! જેમને પૂર્ણ જ્ઞાયકસ્વભાવ પ્રગટ થઈ ગયો છે, તે કેવળજ્ઞાની છે; તેમના જ્ઞાનમાં બધું એકીસાથે જણાય છે. એવી પ્રતીતિ કરતાં પોતે પણ નિજ દ્રષ્ટિથી દેખનાર જ રહ્યો; જ્ઞાન સિવાય પરનું કર્તૃત્વ અથવા રાગાદિક બધું અભિપ્રાયોમાંથી દૂર થઈ ગયું. આવી દ્રવ્યદ્રષ્ટિના બળથી, જ્ઞાનની પૂર્ણતાની ભાવનાથી, વસ્તુસ્વરૂપનું ચિંત્વન કરે છે.

આ ભાવના જ્ઞાનીની છે, અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ નથી; કેમકે મિથ્યાદ્રષ્ટિ જીવ પરનું કર્તૃત્વ માને છે અને કર્તૃત્વની માન્યતાવાળો જીવ જ્ઞાતૃત્વની યથાર્થ ભાવના નથી કરી

શકતો, કેમ કે કર્તૃત્વ અને જ્ઞાતૃત્વને પરસ્પર વિરોધ છે.

સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેવું જોયું છે, તે જ થાય છે. જો આપણે તેમાં કાંઈ પરિવર્તન નથી કરી શકતા તો પછી તેમાં પુરુષાર્થ રહેતો નથી–આ રીતે જે માને છે, તે અજ્ઞાની છે.

હે ભાઈ! તું કોના જ્ઞાનથી વાત કરે છે? પોતાના જ્ઞાનથી કે બીજાના જ્ઞાનથી? જો તું પોતાના જ જ્ઞાનથી વાત કરતો હો તો પછી જે જ્ઞાને સર્વજ્ઞનો અને બધા દ્રવ્યોની અવસ્થાનો નિર્ણય કરી લીધો તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય ન હોય–એ થઈ જ કેવી રીતે શકે? સ્વદ્રવ્યનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ છે.

તેં તારા તર્કમાં કહ્યું છે કે 'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેવું જોયું હોય તેમ થાય છે' તો તે માત્ર વાત કરવાને માટે કહ્યું છે–કે તને સર્વજ્ઞના કેવળજ્ઞાનનો નિર્ણય છે. પહેલાં તો જો તને કેવળજ્ઞાનનો નિર્ણય ન હોય તો સર્વ પ્રથમ તે નિર્ણય કર અને જો તું સર્વજ્ઞના નિર્ણય પૂર્વક કહેતો હો તો સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનના નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ આવી જ જાય છે. સર્વજ્ઞનો નિર્ણય કરવામાં જ્ઞાનનું અનંતવીર્ય કામ કરે છે, તોપણ તેનો ઇન્કાર કરીને તું કહે છે કે ક્રમબદ્ધપર્યાયમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

સાચું તો એ છે કે તને પૂર્ણ કેવળજ્ઞાનના સ્વરૂપની જ શ્રદ્ધા નથી અને કેવળજ્ઞાનનો સ્વીકાર કરવાનો અનંત પુરુષાર્થ તારામાં પ્રગટ થયો નથી. કેવળજ્ઞાનનો સ્વીકાર કરવામાં અનંત પુરુષાર્થનું અસ્તિત્ત્વ આવી જાય છે, તોપણ જો તેનો સ્વીકાર નથી કરતો તો કહેવું પડે કે તું માત્ર વાતો જ કરે છે પરંતુ તને સર્વજ્ઞનો નિર્ણય નથી થયો. જો સર્વજ્ઞનો નિર્ણય હોય તો પુરુષાર્થની અને ભવની શંકા ન રહે, યથાર્થ નિર્ણય થઈ જાય અને પુરુષાર્થ ન આવે એ બની જ ન શકે."[૧]

ઊંડાણથી વિચાર કરવામાં આવે તો ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં જ અનંત પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય પોતે અનંત પુરુષાર્થનું કાર્ય છે, કેમકે ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં સર્વજ્ઞતાનો નિર્ણય સમાયેલો છે. જેવી રીતે સર્વજ્ઞતાની પ્રતીતિ–આસ્થા વિના ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય શક્ય નથી; તેવી જ રીતે ક્રમબદ્ધપર્યાયના સમ્યક્‌નિર્ણય વિના સર્વજ્ઞતાની પણ સાચી પ્રતીતિ શક્ય નથી.

હવે રહી પરકર્તૃત્વના અહંકારની વાત જેને આ અજ્ઞાની જગત પુરુષાર્થ માની

---

૧ જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ, પૃષ્ઠ–૨૪૬

બેઠું છે, તે પુરુષાર્થ તો તૂટવો જ જોઈએ કેમ કે એ સાચો પુરુષાર્થ જ નથી, તે તો નપુષંકતા છે. જો ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી પરકર્તૃત્વનો અહંકાર પણ ન તૂટે તો સમજવું જોઈએ કે 'ક્રમબદ્ધાપર્યાય' તેના સમજવામાં આવી જ નથી. 'ક્રમબદ્ધપર્યાય' ની સાચી શ્રદ્ધાનું ફળ તો કર્તૃત્વનો અહંકાર તૂટીને અંતર તરફના સમ્યક્પુરુષાર્થનું જાગૃત થવું તે જ છે.

જે લોકોને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ઉડતો નજરે પડે છે, વાસ્તવમાં પુરુષાર્થનું સાચું સ્વરૂપ જ તેમની સમજણમાં આવ્યું નથી. તેઓ પરકર્તૃત્વ અને પર્યાયના ફેરફારને જ પુરુષાર્થ માની બેઠા છે. તેમણે સર્વ પ્રથમ પુરુષાર્થના સમ્યક્–સ્વરૂપનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. અમારો વિશ્વાસ છે કે તેમની દ્રષ્ટિમાં પુરુષાર્થનું સાચું સ્વરૂપ સ્પષ્ટ થતાં જ તેમની શંકા–આશંકા પોતાની મેળે સમાપ્ત થઈ જશે; એના વિના ઉક્ત શંકાનું નિવારણ સંભવિત નથી. તેથી તેમને પુરુષાર્થના સાચા સ્વરૂપનો ગંભીરતાથી વિચાર કરવાનો વિનમ્ર અનુરોધ છે.

સર્વજ્ઞને ધર્મનું મૂળ કહેવામાં આવ્યું છે. જે વ્યક્તિ સર્વજ્ઞ ભગવાનને દ્રવ્ય–ગુણ –પર્યાયથી જાણે છે, તે જ પોતાના આત્માને પણ જાણે છે. શ્રી કુન્દકુન્દાચાર્ય અત્યંત સ્પષ્ટ શબ્દોમાં લખે છેઃ–

જે જીવ અરહંત અર્થાત્ સર્વજ્ઞ ભગવાનને દ્રવ્ય–ગુણ–પર્યાયથી જાણે છે, તે પોતાના આત્માને પણ જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે. [૧]

આ ગાથામાં મોહને જીતવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. આમાં વિશેષ ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે મૂળરૂપે તો એમ કહેવામાં આવ્યું છે કે જે અરહંત ભગવાનને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે છે, તે પોતાના આત્માને જાણે છે–આ રીતે મિથ્યાત્વના નાશ માટે અરહંત ભગવાનને જાણવા એ પણ અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે. માત્ર અરહંતને નહિ પરંતુ તેમને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણવા એને અનિવાર્ય કહેલ છે.

પોતાના આત્મા અને અરહંત ભગવાનના દ્રવ્ય–ગુણ તો એક સમાન જ શુદ્ધ છે પણ વર્તમાન પર્યાયમાં અંતર છે. પોતાની પર્યાય અલ્પવિકસિત અને અશુદ્ધ છે, તેમની પર્યાય પૂર્ણ વિકસિત અને શુદ્ધ છે. એથી સ્પષ્ટ છે કે આચાર્યદેવે પૂર્ણતા અને શુદ્ધતાને જાણવાનું કહ્યું છે. આ રીતે તેમણે પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતાના જ્ઞાનને મોહ (મિથ્યાત્વ)ના નાશ માટે અનિવાર્ય માનેલ છે. એ જ કારણ છે કે આત્માનુભૂતિની સાથોસાથ સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની સમ્યક્ ઓળખાણ પણ સમ્યક્ત્વ પ્રાપ્તિને માટે અનિવાર્ય છે.

---

૧. પ્રવચનસાર, ગાથા–૮૦

જો સર્વજ્ઞતા આપણું લક્ષ્ય છે, પ્રાપ્તવ્ય છે, આદર્શ છે; તેને પ્રાપ્ત કરવા માટે જ બધો પ્રયત્ન છે તો પછી તેના સાચા સ્વરૂપના પરિજ્ઞાન વિના તેને પ્રાપ્ત કરવાનો માર્ગ કેવી રીતે શરૂ થઈ શકે ?

જૈન–દર્શનનો મૂળાધાર સર્વજ્ઞતા જ આજે સંકટમાં પડી ગયેલ છે. આપણા કેટલાક ધુરંધર ધર્મબંધુઓ પક્ષના વ્યામોહમાં એટલા ગૂંચવાઈ ગયા છે કે સર્વજ્ઞતામાં પણ દોષ કાઢવા લાગ્યા છે. શ્રી સમન્તભદ્ર આચાર્યને 'કવિકાળ સર્વજ્ઞ' તેથી જ કહેવામાં આવ્યા હતા કે તેમણે કળિકાળમાં નગારા પર દાંડી પીટીને સર્વજ્ઞતાની સિદ્ધિ કરી હતી. તેઓ પોતે કાંઈ સર્વજ્ઞ નહોતા, પણ તેમણે કળયુગના બળથી સંકટમાં પડેલ સર્વજ્ઞતાની પુનઃ સ્થાપના કરી હતી, તેથી તેઓ કળિકાળ સર્વજ્ઞ કહેવાયા. આજે ફરીથી પાછો કળયુગ જોર કરી રહ્યો છે, આજે યુગને ફરી એક સમત્નભદ્રની જરૂર છે કે જે નગારા પર દાંડી પીટીને સર્વજ્ઞતાની સિદ્ધિ કરી શકે, પુનઃસ્થાપના કરી શકે.

મોહનો નાશ કરીને આત્મશ્રદ્ધાન–જ્ઞાન અને આત્મલીનતાના ઇચ્છુક જનોએ અનંત પુરુષાર્થપૂર્વક મરી–પછડાઈનેય સર્વજ્ઞતાનો નિર્ણય અવશ્ય કરવો જોઈએ. સર્વજ્ઞતાના નિર્ણયમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સમાયેલો છે. સર્વજ્ઞતા અને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને જ થાય છે. જ્ઞાયકસ્વભાવની સન્મુખતા જ મોક્ષમહેલનું પ્રથમ પગથિયું છે; તેના ઉપર ચઢવાનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં સમાયેલો છે.

આ રીતે 'સર્વજ્ઞતા' અને 'ક્રમબદ્ધપર્યાય' એક રીતે પરસ્પર અનુબદ્ધ છે. એકનો નિર્ણય ( સાચી સમજણ ) બીજાના નિર્ણય સાથે જોડાયેલ છે. બન્નેનો ય નિર્ણય સર્વજ્ઞસ્વભાવી નિજ આત્માની સન્મુખ થઈને થાય છે. જો કોઈ વ્યક્તિ પર–સન્મુખ વૃત્તિ દ્વારા 'સર્વજ્ઞતા' કે 'ક્રમબદ્ધપર્યાય'નો નિર્ણય કરવાનો પ્રયત્ન કરે તો તે કદી સફળ નહીં થાય.

સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાનો પ્રારંભિક ઉપાય સર્વજ્ઞતાનું સ્વરૂપ સમજવું તે છે. જેમ જ્યારે તીર્થંકર કોઈ માતાના ગર્ભમાં આવે છે, ત્યારે તેના પહેલાં સ્વપ્નોમાં આવે છે; તેવી જ રીતે જે આત્મામાં સર્વજ્ઞતા પ્રગટ થાય છે, તેને તે પ્રગટ થયા પહેલાં સમજણમાં આવે છે. સર્વજ્ઞતા સમજણમાં આવ્યા વિના પ્રાપ્ત કરી શકાતી નથી.

હજી તો સર્વજ્ઞતા સમજણમાં જ આવી નથી, તો પ્રગટ થવાની વાત જ ક્યાં છે ? સર્વજ્ઞતાને સમજ્યા વિના, સ્વીકાર્યા વિના, ધર્મની ઉત્પત્તિ જ સંભવિત નથી. તો પછી તેની સ્થિતિ, વૃદ્ધિ અને પૂર્ણતાનો તો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે ?

સર્વજ્ઞતાની શ્રદ્ધા વિના દેવ–શાસ્ત્ર–ગુરુની સાચી શ્રદ્ધા પણ સંભવતી નથી, કેમ કે સાચા દેવનું તો સ્વરૂપ જ સર્વજ્ઞતા અને વીતરાગતા છે. શાસ્ત્રનું મૂળ પણ સર્વજ્ઞની વાણી છે. ગુરુ પણ સર્વજ્ઞકથિત માર્ગાનુગામી હોય છે સાધુઓને આગમચક્ષુ કહ્યા છે.[1] સર્વજ્ઞકથિત માર્ગનું નિરૂપણ શાસ્ત્રોમાં છે. શાસ્ત્રોની પ્રમાણિકતાના અભાવમાં ગુરુનું સ્વરૂપ પણ સ્પષ્ટ કેવી રીતે થાય? તેથી દેવ–ગુરુ–શાસ્ત્રનું સાચું સ્વરૂપ સમજવા માટે સર્વજ્ઞતાનું સ્વરૂપ સમજવું અતિ આવશ્યક છે.

તાર્કિકચક્રચૂડામણિ આચાર્ય સમન્તભદ્રે દેવ–શાસ્ત્ર–ગુરુની સમ્યક્શ્રદ્ધાને સમ્યગ્દર્શનના સ્વરૂપમાં સામેલ કરી છે. તેઓ લખે છેઃ–

श्रद्धानं परमार्थानामाप्तागमतपोभृताम्।
त्रिमूढापोढमष्टाङ्गं सम्यग्दर्शनमस्यम्।। ४ ।।[2]

ત્રણ મૂઢતા અને આઠ મદ રહિત તથા આઠ અંગો સહિત સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનુ શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે.

કેટલાક લોકોનું કહેવું છે કે આપ ‘ક્રમબદ્ધપર્યાય’ ને સર્વજ્ઞની સાથે કેમ ભેળવો છો? તેને સીધી વસ્તુથી સિદ્ધ કરોને?

ભાઈ! અમે ભેળવતા નથી, તે ભળેલી જ છે; કેમકે ‘સર્વજ્ઞતા’ની શ્રદ્ધા વિના ‘ક્રમબદ્ધપર્યાય’ની શ્રદ્ધા અને ‘ક્રમબદ્ધપર્યાય’ની શ્રદ્ધા વિના ‘સર્વજ્ઞતા’ની શ્રદ્ધા સંભવતી નથી.

જો કે ‘સર્વજ્ઞતા’ નો આધાર લીધા વિના પણ ‘ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ કરી શકાય છે, વસ્તુસ્વરૂપના આધારે અમે વિસ્તારથી ‘ક્રમબદ્ધ’ સિદ્ધ કરી પણ ગયા છીએ; તોપણ સર્વજ્ઞતાથી તેને અલગ કરવાનો આગ્રહ પણ શા માટે છે?

સર્વજ્ઞતાના આધારે ક્રમબદ્ધપર્યાય સિદ્ધ કરવાનું એક કારણ તો એ છે કે જે લોકોને સર્વજ્ઞતાની ભલે બહારની જ થોડી ઘણીયે શ્રદ્ધા છે; તેમને સર્વજ્ઞતાના આધારે ‘ક્રમબદ્ધ’ સમજવામાં ઘણી સગવડ રહે છે. બીજી વાત એ પણ છે કે ‘ક્રમબદ્ધપર્યાય’નો વિષય અતિ સૂક્ષ્મ છે; તેને સર્વજ્ઞતાના આધાર વિના સાધારણ બુદ્ધિવાળાઓના ગળે ઉતારવું અસંભવ નહિ, તો કઠિન અવશ્ય છે.

હું આપને જ કહું છું કે સર્વજ્ઞતા અને સર્વજ્ઞકથિત આગમના આધાર વિના આપ એક લાખ યોજનનો ઊંચો સુમેરુ પર્વત જ સમજાવી દો. [ક્રમશઃ]

[ ક્રમશઃ ]

---

૧. आगमचख्खु साहु

૨. रत्नकरण्ड श्रावकाचार, श्लोक-४




* જેમ સુવર્ણના કંકણમાં જડવા માત્રથી માણેકના સ્વભાવનો નાશ થતો નથી તેમ મનુષ્ય–દેવ–પશુ–નારકીના શરીરમાં જીવને રહેવા માત્રથી જીવના સ્વભાવનો નાશ થતો નથી. પરંતુ આત્મા પરમાનંદ સ્વરૂપ સુખના સાગરથી ભરેલો ભગવાન હોવા છતાં તેનું લક્ષ કરતો નથી. અનુભવ કરતો નથી, સન્મુખતા કરતો નથી તે કારણ જીવના સ્વભાવનો પરાભવ એટલે કે નાશ થાય છે. જેમ પાણી લીંબડો, ચંદન આદિ વૃક્ષરૂપે પરિણમતું થકું પોતાના સ્વાદુત્વ સ્વભાવને ઉપલબ્ધ કરતું નથી તેમ આત્મા મનુષ્યાદિ શરીરોમાં એકત્વરૂપે પરિણમીને પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને ઉપલબ્ધ નહિ કરતો થકો નાશ કરે છે. પણ કર્મના કારણે આત્માના સ્વભાવનો પરાભવ–ઘાત થતો નથી.

* આત્મા જ એક સર્વ તત્ત્વોમાં સારરૂપ છે. સંવર, નિર્જરા ને મોક્ષ ઉત્પન્ન કરવાની અપેક્ષાએ હિતરૂપ અને સારરૂપ કહેવાય છે તેને પણ અહીં નિયમસારમાં સારરૂપ કહેતા નથી. કેમ કે તે પર્યાય છે, નાશવાન છે, ક્ષણીક છે અને આત્મા તો અવિનાશી ધ્રુવ હોવાથી સારરૂપ છે. સંવરાદિ તત્ત્વો તો નાશ પામવા યોગ્ય ભાવ છે, તેનાથી અવિનાશી ભગવાન આત્મા દૂર છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વીર્યઆદિ ભાવો–પર્યાયો વિનાશીક હોવાથી સારરૂપ નથી. અવિનાશી ભગવાન આત્મા સારરૂપ હોવાથી વિનાશક ભાવોથી દૂર છે. આહાહા! પર્યાયની સમીપ ધ્રુવ ભગવાન પડયો છે તે જ એક સારરૂપ હોવાથી દ્રષ્ટિમાં લેવા યોગ્ય છે અને બીજુ બધું અસારરૂપ છે.

* ભરતે બાહુબલી ઉપર ક્રોધથી ચક્ર છોડયું હતું છતાં એ વખતે પણ ભરતને અંદરમાં ઉત્તમ ક્ષમા હતી કેમકે અનંતાનુંબંધને કરનાર મિથ્યાત્વનો અભાવ છે છે અને બાહ્યથી દ્રવ્યલિંગધારી મુનિ હોય અને કોઈ વેરી આદિ આવીને શરીરના ખંડખંડ કટકા કરે છતાં બાહ્યથી ક્રોધ ન કરે તોપણ તેને અંદરમાં અનંતાનુંબંધને કરનાર મિથ્યાત્વનો સદ્–

ભાવ હોવાથી બાહ્યમાં ક્ષમા રાખતો હોવા છતાં અંદરમાં ઉત્તમ ક્ષમા કહેવાતી નથી.

* અહા ! ત્રણ લોકના અધિપતિઓ જે ક્ષમા આદિ દશ ધર્મોને નમે છે, આરાધે છે એ ઉત્તમ ક્ષમા આદિ દશધર્મોની આરાધના કરતાં કોને હર્ષ ન ઉપજાવે ? કોને આનંદ ન આવે ? સર્વને આનંદ આવે.

* પ્રશ્ન :–સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પાત્રતા કેવા પ્રકારની જોઈએ ?

ઉત્તર :–પર્યાય સીધી દ્રવ્યને પકડે તે સમ્યગ્દર્શનની પાત્રતા છે. બાકી વ્યવહાર પાત્રતા તો ઘણા પ્રકારે કહેવાય. મૂળ પાત્રતા તો દ્રષ્ટિ દ્રવ્યને પકડી સ્વાનુભવ કરે તે પાત્રતા છે.

* જન્મ મરણનો નાશ કરીને આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઉભો રહીને તું પુરુષાર્થ કર ! નિમિત્ત રાગ અને પર્યાયની ભૂમિકાથી ખસીને ચૈતન્યભૂમિમાં ઉભો રહીને તું પુરુષાર્થ કર ! પરથી ઉદાસ થઈને સ્વમાં આસન લગાવી દે ! તું પરમાત્મસ્વરૂપ ભગવાન છો અને તને જન્મ કરવા એ કલંક છે. વાદીરાજ મુનિ કહે છે કે ભૂતકાળના નરકાદિ દુઃખોનું સ્મરણ કરતાં કાળજામાં આયુધના ઘા વાગે છે એ દુઃખોથી છુટવા માટે અંદરમાં પરમાત્મસ્વરૂપ છે ત્યાં આસન લગાવ ! તું પૂર્ણાનંદનો નાથ પ્રભુ છો ત્યાં જામી જા ! તું મુક્ત સ્વરૂપ અનંત અનંત આનંદમય ચૈતન્યની વજ્ર ભૂમિ છો ત્યાં દ્રષ્ટિ દે !

પ્રશ્ન :–રાગ આત્માનો છે કે પુદ્‌ગલકર્મનો ?

ઉત્તર :–વસ્તુની સિદ્ધિ કરવી હોય ત્યારે રાગ વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે એટલે કે રાગ આત્માને છે તેમ કહેવાય અને જ્યારે દ્રષ્ટિ શુદ્ધચૈતન્યની થઈ, સમ્યગ્દર્શન થયું ત્યારે નિર્મળ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે. સમ્યગ્દ્રષ્ટિને જે રાગ છે તે વ્યાપ્ય અને કર્મ તેનું વ્યાપક છે એટલે કે સમ્યગ્દ્રષ્ટિનો રાગ તે પુદ્‌ગલ કર્મનો કહેવાય. કેમ કે જ્ઞાની દ્રષ્ટિથી રાગથી ભિન્ન પડી ગયો છે, તેથી તેના રાગમાં કર્મ વ્યાપે છે તેમ કહેવાય.

* નિયમસાર કળશ–૧૭૬ માં કહે છે કે આત્મા નિરંતર સુલભ છે. આહાહા ! આત્મા નિરંતર વર્તમાન સુલભ છે, વર્તમાન સુલભ છે એનું તાત્પર્ય એ છે કે આત્મા વર્તમાનમાં જ છે, તેનો વર્તમાનમાં આશ્રય લે ! ભુતકાળમાં હતો અને ભવિષ્યમાં રહેશે એમ ત્રિકાળ લેતા તેમાં કાળની અપેક્ષા આવે છે. તેથી વર્તમાનમાં જ ત્રિકાળી પૂર્ણાનંદનાથ પડયો છે, તેનો વર્તમાનમાં જ આશ્રય લે તેમ કહે છે.

પ્રશ્ન :–આત્મ દેહપ્રમાણ અસંખ્ય પ્રદેશી હોવા છતાં તેમાં અનંત અનંત આનંદ ભર્યો છે તો તેને પ્રાપ્ત કરવા પુરુષાર્થ કેમ કરવો ?

ઉત્તર :–વિકલ્પ સહિત જ્ઞાનમાં પણ એ સ્વભાવની મહાનતા ભાસવી જોઈએ. શક્તિઓ સંખ્યાએ તો અમર્યાદિત છે પણ એનો સ્વભાવ પણ અમર્યાદિત છે. એવા

આત્માની મહાનતા અચિંત્યતા, આશ્ચર્યતા જ્ઞાનનાં ખ્યાલમાં લઈને તેમાં ઢળવા માટે અનંત પુરુષાર્થ જોઈએ. દ્રવ્ય પૂરણ પૂરણ પૂરણ છે. કેમ કે તેની શક્તિઓ પૂરણ છે. જ્ઞાન શક્તિ, આનંદ શક્તિ, જીવત્વ શક્તિ, પ્રભુત્વ, વિભૂત્વ આદિ અનંત શક્તિઓ પૂરણ છે. આવા તત્ત્વની આરાધના કરતાં કેવળજ્ઞાન થશે, મુક્તિ થશે અને ચાર ગતિનું ભ્રમણ ટળશે. જગત રૂપિયા પાછળ ઘેલું થયું છે પણ એક સમયમાં અબજો રૂપિયા મળતા હોય તોપણ આવા આત્માના સ્વભાવ પાસે તેની શું કિંમત ? એક સમયમાં અનંત આનંદ આપે એવો અચિંત્ય આત્મસ્વભાવ છે.

* દ્રવ્ય તે ગુણ નથી અને ગુણ તે દ્રવ્ય નથી. ગુણ અને દ્રવ્ય વચ્ચે, એક ગુણ અને બીજા ગુણ વચ્ચે અતદ્‌ભાવ છે. પોતાના દ્રવ્યમાં પણ ગુણને અને દ્રવ્યને અતદ્‌ભાવ છે. આહાહા! અહીં સુધી વાત લીધી છે તો બીજા બહારના પદાર્થો કે જેના પ્રદેશો પૃથક જ છે તે તો સર્વથા જુદા જ છે તો એક પદાર્થ બીજા પદાર્થને કરે શું ? આહાહા! પ્રભુ તું એકલડો છે, એકલડામાં પણ સત્તાને અને દ્રવ્યને તદ્ અભાવ છે. જ્ઞાન છે તે આત્મા નથી. આનંદ છે તે આત્મા નથી અને આત્મા છે તે આનંદ નથી. આમ બે વચ્ચે તદ્ અભાવ છે. દ્રવ્યની સ્વતંત્રતાના પ્રવચનસારમાં ઘણા બોલ આવી ગયા. જે રીતે સત્ય છે એ જ રીતે એના જ્ઞાનમાં આવે તો જ પર્યાય અંદર વળી શકશે, નહિંતર પર્યાય અંદર નહિ વળે.

* આત્માના અતીન્દ્રિય આનંદને અનુભવતા જ્ઞાની ધર્માત્માને કર્મોદયનો ઉપભોગ વિયોગ બુદ્ધિએ પ્રવર્તતો હોવાથી પરિગ્રહપણાને પામતો નથી અને જ્ઞાનીને ભાવી કર્મોદયની વાંછા જ નથી. જ્ઞાની મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનને ઝંખે છે, કેવળજ્ઞાનની જ્ઞાનીને ઝંખના છે, જ્ઞાનીનું મતિ–જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે તો એ ભાવીના ભોગની વાંછા કેમ કરે ? તેથી વિયોગબુદ્ધિએ પ્રવર્તતાં જ્ઞાનીનો ભોગ પરિગ્રહપણાને પામતો નથી. જ્યાં ચૈતન્ય પ્રકાશના નૂર પ્રગટયા, જ્યાં જ્ઞાનનો પ્રકાશ થઈને અંધકાર ટળ્યો ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો તેને ભોગ પ્રત્યે સુખબુદ્ધિ કેમ હોય ?

* નિર્વિચિકીત્સ ગુણધારી સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને ઘૃણા યોગ્ય પદાર્થો પ્રત્યે દુર્ગંછા કે ગ્લાની થતી નથી. ભલે કદાચિત તે નરકની વેદનામાં પડયો હોય પણ ત્યાં તીવ્ર શીત–ઉષ્ણરૂપે પરિણમેલા પરમાણુઓ પ્રત્યે કે ઘૃણા યોગ્ય શરીરાદિ પ્રતિકૂળ સામગ્રી પ્રત્યે ગ્લાની કે દુર્ગંછા નથી અને અનુકુળતામાં રત્ન આદિના ઢગલા દેખાય છતાં તેની વાંછા નથી. જેને અતીન્દ્રિય આનંદમાં પ્રીતિ થઈ છે એવા ધર્મી જીવને અનુકુળ પર પદાર્થો પ્રત્યે વાંછા નથી કે પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે

ગ્લાની–દ્વેષ નથી.

* આત્મા ને શરીરાદિના પરમાણુ એક જગ્યાએથી બીજી જગ્યાએ ગતિ કરે છે તે પોતે પોતાથી સ્વતંત્ર ગતિ કરે છે. જીવ શરીરને લઈને ગતિ કરે છે કે શરીર જીવને લઈને ગતિ કરે છે એમ નથી. મોટર, ટ્રેઈન આદિમાં બેસીને બહારગામ જાય છે તેમાં જીવ મોટર આદિના લઈને ક્ષેત્રાંતર કરે છે તેમ નથી પણ જીવ પોતાની ક્રિયાવતી શક્તિથી સ્વતંત્ર ક્ષેત્રાંતર કરે છે! આહાહા! જૈન દર્શનનાં સિદ્ધાંતની વસ્તુ એવી સૂક્ષ્મ છે કે જગતના લોકોને પાગલ જેવી લાગે કે શરીરને લઈને આત્મા ચાલતો નથી, આત્માને લઈને શરીર ચાલતું નથી. આ કોના ઘરની વાત છે? ભાઈ! આ છે જગતને પ્રત્યક્ષ દેખનારા સર્વજ્ઞ ભગવાનના ઘરની વાત એટલે કે વસ્તુના ઘરની પરમ સત્ય વાત છે. ભાગ્યશાળી હોય તેને કાને પડે તેવી વાત છે.

* આત્માના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દ્રષ્ટિના નિઃશંક આદિ ગુણો સમસ્ત કર્મને હણે છે–નાશ કરે છે, જરા પણ બંધ થવા દેતા નથી. અજ્ઞાનીઓને ચલાયમાન કરી દે –કંપાયમાન કરી દે એવા વજ્રપાત સમાન ભૂકંપ જળ હોનારત આદિ ભયના પ્રસંગો આવી પડે છતાં સમ્યગ્દ્રષ્ટિ સપ્તભય રહિત નિઃશંક રહે છે. આત્માના આનંદની ચીનગારી જાગી એને કોઈ ભય ઉપજાવી ચલાયમાન કરી શકતું નથી સમ્યગ્દ્રષ્ટિની નજરમાં પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે એના મહિમાનું શું કહેવું?

* આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનાર છે. જેમ કાંટાને તીક્ષ્ણ અણી સ્વભાવથી જ છે, કોઈથી કરવામાં આવતી નથી. તેમ આત્મામાં નિર્મળતા થવી તે સ્વભાવીક છે. એની નિર્મળતા બહારના ઉપદેશ આદિના સંસ્કારથી થાય છે તેમ નથી. સાંભળવા આદિના સંસ્કારને નિરર્થક કરે એવો આત્માનો સ્વભાવ છે. સ્વભાવથી જ નિર્મળતા થાય એવો જ એનો સ્વભાવ છે. અને આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનાર છે. સાંભળતાં સાંભળતાં પર્યાયમાં નવા સંસ્કાર પડે એવી પર્યાયમાં યોગ્યતાનો એક ધર્મ છે. અહીં નિમિત્ત સંસ્કાર પાડે છે એમ નથી કહેવું પણ પર્યાયમાં યોગ્યતાનો એક ધર્મ છે કે દેવ–ગુરુની વાણી સાંભળતાં પર્યાયમાં નવા સંસ્કાર પાડે એવો એ પર્યાયનો ધર્મ છે. પર્યાય પોતાની યોગ્યતાથી સંસ્કાર પાડે છે. બાહ્ય નિમિત્તથી સંસ્કાર પડતા નથી.

* ચૈતન્યની અંદરની જીવતી જ્યોતને જગાડવી હોય તો બહારથી મરી જવું પડશે. આખી દુનિયાથી વૈરાગ્ય પામી અંદરમાં જાય ત્યારે કામ થાય એવું છે. વૈરાગ્ય એટલે પુણ્ય–પાપના ભાવથી વિરક્ત થઈને અંદરમાં સ્વભાવને જોવાનું છે. અતીન્દ્રિય આનંદને પામવો હોય તો ઇન્દ્રિયના વિષયોની પ્રીતિ–રુચિ–રસ છોડવો પડશે ત્યારે

ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદનો રસ આવશે. બરફ આદિની પાટ તો ૫–૧૦ મણની હોય પણ આ જ્ઞાનાનંદની પાટ તો અનંત અનંત મણની છે. અનંત આનંદ અનંત શાંતિ અનંત પ્રભુતા આદિ અનંત અનંત ગુણની પાટની શીતળતાનું શું કહેવું? બહારથી મરી અંદરમાં દેખે ત્યારે મળે છે.

* ચોમાસામાં આ લીલફુગના ગોદડા (–થર) દેખીએ છીએ ત્યાં એમ થાય છે કે અરે! અરે આ લીલફુગની એક જીણી કટકીમાં અસંખ્ય શરીરો છે અને એક શરીરમાં અનંતા જીવો છે, એના અનંતમાં ભાગે જીવ બહાર નીકળી મોક્ષ જાય છે. બે–ઇન્દ્રિય, ત્રેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય અને પંચેન્દ્રિય મનુષ્ય, ઢોર, નારકીને દેવ એ ચાર ગતિના જીવો તો માત્ર અસંખ્યાતા જ છે. તેના કરતાં અનંતા જીવો નિગોદની એક કટકીમાં છે. અરેરે! એ જીવો ક્યારે નિગોદમાંથી બહાર નિકળે? અને ક્યારે મનુષ્ય થાય? અને ક્યારે આ સત્યનું શ્રવણ કરે! ભાઈ! આ મનુષ્ય ભવ ને દુર્લભ સત્સમાગમ મળ્યો છે તો તારા આત્માને ચારગતિના દુઃખથી છોડાવી લે.

## વૈરાગ્ય સમાચારઃ-

* ભાવનગર નિવાસી શ્રી મનસુખલાલ વાલજીભાઈ [વર્ષ–૬૫] શ્રાવણ વદ ૧૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* સાવરકુંડલા નિવાસી તારામતિ અનુપચંદભાઈ દોશી [વર્ષ–૬૦ લગભગ] તા. ૯–૧૦–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* તલોદસ્ટેશન નિવાસી ગાંધી મોહનલાલ કેશવલાલ [વર્ષ–૬૩] તા. ૨૬–૧૦–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* રાણપુર નિવાસી ચંપાબેન પ્રેમચંદ શેઠ [વર્ષ–૭૫] તા. ૨૯–૧૦–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–ઉપરોક્ત સ્વર્ગસ્થ મુમુક્ષુઓ વર્ષોથી વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મ–ઉદ્ધારક પ્રવચનોનો લાભ લેતા હતા. તેઓને શ્રી વીતરાગ દેવ –ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત શ્રદ્ધા ભક્તિ હતા. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિગૃહ શિલાન્યાસ સમારોહ

કારતક સુદ પાંચમ, તા. ૨૬–૧૦–૭૯ ના રોજ સોનગઢમાં “પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિ ગૃહ” શિલાન્યાસ સમારોહ લગભગ બે હજાર મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં આનંદ પૂર્વક થયો હતો. લગભગ એક લાખ ચોરસ ફૂટના પ્લોટમાં બાંધવામાં આવનારા ૧૦૦ બ્લોક [ ૧૫’×૧૨’ની રૂમ, ૮’×૬’નું રસોડું તથા બાથરૂમ ને લેટરીન સહિત ] તથા ૫ મોટા હોલવાળા આ વિશ્રાંતિગૃહના ખાતમુહૂર્ત પ્રસંગે સવારે જિનેન્દ્રપૂજા તથા શ્રી સમયસારની ગાથા ૨૭૬/૨૭૭ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક પ્રવચન પ્લોટ ઉપર રાખવામાં આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળ દ્વારા સ્વસ્તિક–અંકિત ઇંટો વડે સાયલા નિવાસી [ હાલ બેંગલોર ] શેઠ શ્રી ભભૂતમલજી છોગાજી ભંડારી તથા શેઠ શ્રી ઉમ્મેદમલજી હાંસાજી ભંડારીના પરિવારે શિલાન્યાસની વિધિ કરી હતી. આ પ્રસંગે વિશ્રાંતિ ગૃહના નિર્માણનું પ્રયોજન તથા તેના નિર્માણ માટે મુમુક્ષુઓ તરફથી ઉત્સાહ પૂર્વક મળી રહેલી દાનરાશીની વિગત શ્રી બાબુભાઈ મહેતાએ જાહેર કરી હતી. વિશ્રાંતિગૃહના નિર્માણનું પ્રયોજન સમજાવતા તેઓએ કહ્યું હતું કે પૂજ્યશ્રીના સાતીશય ધર્મપ્રભાવનાયોગે દેશભરમાં તેમ જ વિદેશમાં પણ મુમુક્ષુઓને તત્ત્વજિજ્ઞાસા ઉત્કંઠિત થવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના સૂક્ષ્મ–આધ્યાત્મિક પ્રવચનોનો અપૂર્વ લાભ લેવા આવતા જિજ્ઞાસુઓ માટે રહેઠાણની વ્યવસ્થા વર્ષોવર્ષ ઓછી પડવા લાગી છે. શિક્ષણ–પ્રશિક્ષણ–શિબિર તેમ જ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેન શ્રી ચંપાબહેનની જન્મ જયંતી મહોત્સવ જેવા પ્રસંગે મુમુક્ષુ મહેમાનોને રહેવાની વ્યવસ્થા માટે પડતી અગવડતા દૂર કરવા માટેના ઉદ્દેશથી મુંબઈ મંડળના શ્રી ચીમનલાલ હીંમતલાલ, શ્રી કાંતિભાઈ મોટાણી વગેરે ઉત્સાહી કાર્યકર્તાઓએ એક વિશાળ ધર્મશાળા ઊભી કરવાનું વિચાર્યું અને પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદથી આજે તે વિશ્રાંતિ ગૃહનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ નિર્માણ કાર્ય માટે મુંબઈ મંડળ ઉપરાંત ગામોગામના મુમુક્ષુઓએ હોંશેહોંશે દાનરાશી જાહેર કરી હતી. રૂ. ૧૧૦૦૦/–નું દાન કરનાર દાતાનું નામ એક બ્લોક ઉપર લખવામાં આવશે. આવા ૧૦૦ બ્લોક માટે અનેક દાતાઓ તરફથી દાન જાહેર થઈ ચૂકયા છે, હવે જૂજ બ્લોક બાકી રહ્યા છે. એ ઉપરાંત પાંચ મોટા હોલ બાંધવામાં આવનાર છે, જેના ઉપર રૂ. ૭૫૦૦૦/–આપનાર દાતાનું નામ લખવામાં આવશે અથવા તો રૂ. ૨૫૦૦૦/–નું દાન આપનાર ત્રણ દાતાઓનું નામ લખવામાં આવશે.

આ નૂતન વિશ્રાંતિ ગૃહના બાંધકામનું કામ જોરશોરથી શરૂ થઈ ગયું છે. આગામી શિક્ષણ-શિબિર પહેલાં તૈયાર કરવામાં આવશે. દાન દેવા ઇચ્છતા દાતાઓએ ગતાંકની સૂચના મુજબ સંપર્ક સાધવો.

* વિશ્રાંતિગૃહના શિલાન્યાસની વિધિ બાદ રાજકોટ નિવાસી ડૉ. નવરંગભાઈ મોદીએ તથા ભાવનગર નિવાસી ગાંધી હસમુખભાઈ કાંતિલાલે "દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ" [ત્રીજો ભાવ, ગુજરાતી અનુવાદ] પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કર્યું હતું. શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ દ્વારા પ્રથમવાર પ્રકાશીત ગુજરાતી દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ (ભા-૩) ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ડૉ. નવરંગભાઈ મોદી તથા ગાંધી હસમુખભાઈ તરફથી ભેટ આપવામાં આવશે. તદુપરાંત એક બ્ર. બહેન અને તેમના પરિવાર તરફથી ભારતભરના જિનમંદિરોમાં આ પુસ્તક ભેટ આપવામાં આવશે. [સૂચનાઃ- ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને આ ભેટ-પુસ્તક મોકલવાની વ્યવસ્થા શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા કરવામાં આવશે. વેચાણ વિભાગ, સોનગઢમાં રૂા. ૪=૫૦ થી આ પુસ્તક મળી શકશે.]

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે. દિવાળી-બેસતા વર્ષ નિમિત્તે ગુજરાત-સૌરાષ્ટ્ર ઉપરાંત મુંબઈ તથા મદ્રાસથી અનેક મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન તેમ જ પ્રવચનોનો લાભ લેવા સોનગઢ આવેલા. આ પર્વના દિવસો દરમિયાન શ્રી સમયસાર બંધ-અધિકાર તથા પ્રવચનસારના પંચ-રત્નોની ગાથા ૨૭૧ થી ૨૭૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સૂક્ષ્મ રહસ્યોદ્ઘાટક માર્મિક પ્રવચનો થયા હતા.

## * નાયરોબી જવા સંબંધી સૂચના *

૧. દરેક વ્યક્તિની જવાની તારીખ નિશ્ચિત થઈ ચૂકી છે અને તેના ખબર પણ દરેકને આપવામાં આવ્યા છે. છતાં કોઈને આ ખબર ન મળ્યા હોય તો તેમણે તૂરત સંપર્ક સાધીને પોતાના જવાની તારીખ જાણી લેવી. તે તારીખના પાંચ દિવસ અગાઉ તેમણે મુંબઈ આવી જવું.

૨. દરેક વ્યક્તિ મુંબઈ આવતા પહેલાં શીતળા તથા કોલેરાના ઇન્જેકશનનું સર્ટીફીકેટ લઈને જ આવે. પીળા તાવના સર્ટીફીકેટની વ્યવસ્થા મુંબઈ કરી આપવામાં આવશે.

૩. ભાડા વધવાના કારણે હવે મુંબઈના રહીશ માટે રૂ. ૪૭૦૦/–અને બહારગામવાળાના રૂ. ૪૬૦૦/–આપવાના છે. આથી ઓછી રકમ જેમણે ભરી હોય તેમણે બાકીના રૂપિયા તુરત મોકલી આપવા.

૪. ફોરીન એક્ષચેઈન્જ ડોલર ૫૦૦ જેમને જોઈતું હોય તેમણે રીઝર્વ બેંકના ફોર્મમાં સહી કરી–૪ ફોટા સાથે રૂ. ૪૩૦૦/–નો ડ્રાફટ મોકલવો. વધઘટ થશે તેનો હિસાબ અપાશે.

૫. દરેક વ્યક્તિએ છત્રી, ઓછાડ, ટુવાલ, શાલ, સ્વેટર સાથે લઈ લેવા જરૂરી છે. બેડીંગ કોઈએ લાવવાનું નથી, તેમ જ પહેરવા માટે ઘરેણા પણ સાથે લાવવા નહીં. પોતાના સામાનનું વજન ૨૦ કીલોથી વધવું ન જોઈએ. એરપોર્ટ પર જવા માટે બસ મુમ્બાદેવી મંદિરેથી ઉપડશે.

૬. જેમણે હજુ સુધી પાસપોર્ટ મોકલ્યા નથી તેઓ તુરત તેમના પાસપોર્ટ મને મોકલી આપે અને મુંબઈ આવીને મારો તુરંત સંપર્ક કરે.

ફોન નં. ઘરઃ ૩૬૮૩૦૫, ૩૮૬૪૮૩ ઓફીસઃ ૩૭૪૨૮૦ મંદિરઃ ૩૨૫૨૪૧

–બલુભાઈ શાહ.

## * શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયના નવીન ભવનનો *

## શિલાન્યાસ સમારોહ

તા. ૧–૧૨–૭૯ થી ૩–૧૨–૭૯ સુધી ટોડરમલ સ્મારક ભવન, જયપુરમાં ઉપરોક્ત શિલાન્યાસ સમારોહનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. શિલાન્યાસવિધિમાં રાજસ્થાનના સ્વાસ્થ્યમંત્રી શ્રી ત્રિલોકચંદજી જૈન અધ્યક્ષ તરીકે તથા શ્રી પન્નાલાલજી ગંગવાલ, કલકત્તા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. શિલાન્યાસવિધિ પંડિત શ્રીલાલચંદભાઈ મોદી, શેઠ શ્રી રતનલાલજી ગંગવાલ તથા શેઠ શ્રી શાંતિભાઈ ઝવેરીના સુહસ્તે તા. ૧–૧૨–૭૯ના રોજ થશે. તદુપરાંત શ્રી કુંદકુંદકહાન દિ. જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટનું પંચવર્ષિય અધિવેશન, શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયનો દ્વિવાર્ષિકોત્સવ તથા અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન શાખાનું સમ્મેલન આદિ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા. ૩–૧૨–૭૯ના રોજ સિદ્ધાંતાચાર્ય પંડિત શ્રી ફુલચંદજી શાસ્ત્રી, વારાસણીની અધ્યક્ષતામાં શ્રી ટોડરમલ જયંતી મહોત્સવ ઉજવવામાં આવશે. સિદ્ધાંતાચાર્યા પંડિત શ્રી કૈલાશચંદજી શાસ્ત્રી, વારાસણી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે તથા શ્રી વિદ્વવર્ય પંડિત શ્રી જગન્મોહનલાલજી શાસ્ત્રી, કટની ઉદ્‌ઘાટન કરશે.

કાર્યક્રમસ્થળઃ- શ્રી ટોડરમલ સ્મારક ભવન,

એ-૪, બાપુનગર, જયપુર-૪, રાજસ્થાન.

## * આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો *

(૧) આ જિન–વચનરૂપી ઔષધ વિષયસુખનું વિરેચન કરનારું છે, ભવ્ય જીવોને અમૃત સમાન છે, જિન–વચનના સેવનથી ભવ્ય જીવ અમર બને છે. માટે આ જિન–વચનરૂપી ઔષધ જરા–મરણનું નાશક છે. દીર્ઘકાળ સુધી રહેવાવાળા રોગ અને અકસ્માત ઉત્પન્ન થવાવાળી વ્યાધિને જિન–વચન તત્કાળ નષ્ટ કરે છે. સર્વ દુઃખોનો નાશ કરીને મુક્તિ–સુખ આપે છે. માટે હે મુનિ! આવા જિન–વચનરૂપી ઔષધનું તું સતત સેવન કર.

( –શ્રી કુંદકુંદ–આચાર્ય, મૂલાચાર, અધિકાર–૨જો, ગાથા–૮૯ )

(૨) કોણ સમજદાર પુરુષ બળતાં ઘરમાં શયન કરવાની ઇચ્છા કરે? તેમ કયા જ્ઞાની પુરુષ જન્મ–મરણ આદિરૂપ અગ્નિ વડે પ્રજ્વલિત લોક વિષે ચિંતા રહિત થઈને શયન કરે? જ્ઞાનીને સંસારનો મોટો ભય છે. અસાવધાન થઈને જ્ઞાની શયન કરે નહિ. સંસાર પરિભ્રમણથી આત્માની રક્ષા કરવા માટે જ્ઞાની સદાય સાવધાન રહે છે.

( –શ્રી શીવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૪૪૫ )

(૩) આ મનુષ્યજન્મનું ફળ ધર્મની પ્રાપ્તિ છે. તે નિર્મળ ધર્મ જો મારી પાસે છે તો પછી મને આપત્તિના વિષયમાં પણ શું ચિંતા છે તથા મૃત્યુથી પણ શો ડર છે? અર્થાત્ તે ધર્મ હોતાં ન તો આપત્તિની ચિંતા રહે છે કે ન તો મરણનો ડર રહે છે.

( –શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ–એકત્વભાવના, શ્લોક–૧૧ )

(૪) જેમ દૃઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તે પ્રકારે સમજ્યો છે તથા વાસ્તવિક આત્મશાંતિનો કોઈ અંશે જેને અનુભવ થયો છે તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પામતો નથી.

( –શ્રી ગુણભદ્ર આચાર્ય–આત્માનુશાસન, શ્લોક–૨૦૪ )

(૫) અનુભવના રસને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ એક તીર્થભૂમિ છે, અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે, અનુભવ નરકમાંથી કાઢીને સ્વર્ગ–મોક્ષમાં લઈ જાય છે, એનો આનંદ કામધેનુ અને ચિત્રાવેલિ સમાન છે, એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે, એ કર્મોનો ક્ષય કરે છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી.

( –કવિવર બનારસીદાસજી, નાટક સમયસાર ઉત્થાનિકા, સવૈયા–૧૯ )

ફોન નં. ૩૪ "આત્મધર્મ" Regd No. G. B. V. 10



**"પૂજ્ય શ્રી કાનજી સ્વામી વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ" ના શિલાન્યાસ પ્રસંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરી રહેલા શ્રી બાબુભાઈ મહેતા, શ્રી ચીમનલાલ હીંમતલાલ તથા શ્રી કાંતિભાઈ મોટાણી.**

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર પ્રત : ૩૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂ. ૬-૦૦ ]